**સુવિચાર**

ઊંઘ અને આહાર તો વધારવા હોય તેટલા વધે એના પર તો માણસે જ સંયમ રાખવો જોઈએ.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૧૨/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com


# અમરેલી એક્સપ્રેસ


www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

15 ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ 15

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે



ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૦૦૧


**ઓ નદીયા ચલે ચલે રે ધારા, ચંદા ચલે ચલે રે તારા, તુઝકો ચલના હોગા તુઝકો ચલના હોગા,**
**જીવન કહી ભી ઠહરતા નહી હૈ, આંધી સે તુફા સે ડરતા નહી હૈ...**
**તુ ના ચલે તો ચલદેગી રાહે, મંઝિલ કો તરસેગી તેરી નિગાહે, તુઝકો ચલના હોગા, તુઝકો ચલના હોગા**

# અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નો આજે પંદરમાં વર્ષમાં મંગલ પ્રવેશ

## જિલ્લાભરમાંથી આમ આદમીથી લઈને ખાસ આદમીઓ, સેવાકીય સંસ્થાઓ, વેપારીઓ દ્વારા શુભેચ્છાનો વરસાદ

અમરેલી ખાતેથી પ્રસિધ્ધ થતાં "**અમરેલી એક્સપ્રેસ**" દૈનિક આવતીકાલ ૧૨/૧૨/૨૦૨૩નાં રોજ ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે અને છેલ્લા ૧૪ વર્ષથી "**અમરેલી એક્સપ્રેસ**" દૈનિકને સતત આશીર્વાદ આપનાર વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, એજન્ટ મિત્રો, પત્રકારશ્રીઓ, રાજકીય–સામાજિક આગેવાનો, વહીવટીતંત્રનાં અધિકારીશ્રીઓ સહિત સૌનો જાહેર આભાર માનું છું.

આજથી ૧૪ વર્ષ પહેલા અમરેલી જેવા મધ્યમ કક્ષાનાં શહેરમાંથી દૈનિક વર્તમાનપત્રની શરૂઆત કરીને આર્થિક રીતે પાછળ રહેલ જિલ્લામાં સરકારની મદદ, જાહેરખબર કે અન્ય કોઈ સુવિધા વગર સતત ૧૪ વર્ષથી વર્તમાનપત્ર પ્રસિધ્ધ થઈ રહ્યું છે

નોટબંધી, જીએસટી, કોરોના મહામારી જેવા માહોલમાં આર્થિક ક્ષેત્રે જબરી પછડાટ આપનાર ગતિવિધિઓ વચ્ચે વર્તમાનપત્રને ટકાવવું કે ચલાવવું એ લોઢાનાં ચણા ચાવવા સાબિત થઈ રહ્યું હતું. બીજી તરફ ન્યુઝ પ્રિન્ટનાં ભાવમાં તોતિંગ વધારો, પ્રિન્ટીંગ માટે જરૂરી પ્લેટ, ઈન્ક, ટ્રાન્સપોર્ટેશન, વીજબિલ સહિત અન્ય ઓફિસ ખર્ચમાં પણ વધારો સતત થતો હોવા છતાં પણ જિલ્લાની જનતા, વિજ્ઞાપનદાતાઓનાં અમૂલ્ય સહકારથી વર્તમાનપત્ર સતત દરરોજ પ્રસિધ્ધ થઈ રહ્યું છે.

અમરેલી જિલ્લો આઝાદીનાં અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે તેવા સમયે અમરેલી જિલ્લામાં આજે પણ અનેક સમસ્યાઓનું નિરાકરણ કરવાનું બાકી રહ્યું છે. અમરેલી જિલ્લાનાં સર્વાંગી વિકાસનાં ધ્યેય સાથે શરૂ થયેલ "**અમરેલી એક્સપ્રેસ**" આજનાં કપરા કાળમાં પણ જિલ્લાની તમામ સમસ્યાને ક્રમશઃ



ઉજાગર કરી રહ્યું છે. નિષ્ઠા–પ્રમાણીકતા અને સત્યનાં પાયા ઉપર વર્તમાનપત્ર ચલાવવું એ બહુ કઠિન કામ છે. પરંતુ વર્તમાનપત્ર પ્રસિધ્ધ કરવા માટે બિનજરૂરી ખર્ચમાં જબરદસ્ત કાપ મુકવામાં આવ્યો છે. માત્ર ૩૦૦ ફૂટની ઓફિસમાં જ વર્તમાનપત્ર તૈયાર કરવામાં આવી રહ્યું છે.

"**અમરેલી એક્સપ્રેસ**" દૈનિક આજે જિલ્લાનું સૌથી વધુ



લોકપ્રિય વર્તમાનપત્ર બની ગયું છે અને આ સ્થાન છેલ્લા ૧૪ વર્ષથી જાળવવામાં સફળ પણ રહ્યું છે. "અમરેલી એક્સપ્રેસ"નાં સચોટ અહેવાલથી જિલ્લામાં આજ સુધીમાં અનેક વિકાસકાર્યો થયા છે અને ભવિષ્યમાં પણ વિકાસકાર્યો થાય તે માટે સતત અહેવાલ પ્રસિધ્ધ થશે જ તેમાં કોઈએ શંકા રાખવાની જરૂર નથી.

"**અમરેલી એક્સપ્રેસ**"નાં



જનલક્ષી અહેવાલોથી ઘણી વખત સરકારી અધિકારીઓ કે પદાધિકારીઓ પણ નારાજ બની જાય છે છતાં પણ જનહિતમાં અધિકારીઓ કે પદાધિકારીઓની નારાજગી સહન કરીને પણ જનહિતનાં પ્રશ્નને વાચા આપવામાં આવી રહી છે. વર્તમાનપત્રએ હંમેશા જનતાની સાથે રહેવું જોઈએ, જનતાનો અવાજ બનવું જોઈએ અને જનતાની વ્યાજબી માંગને સરકાર સુધી પહોંચાડવી જોઈએ અને જનતા માટે મહાકાય સરકાર સામે પણ પ્રશ્નો ઉભા કરવા જોઈએ અને તે કામ "**અમરેલી એક્સપ્રેસ**" હંમેશા કરતું આવ્યું છે.

આજે દેશભરમાં અનેક મીડિયા ગૃહો સરકારની વાહ વાહી કરીને જબરદસ્ત આર્થિક લાભ મેળવી રહ્યા છે અને જનતાની સમસ્યાને ઉજાગર કરી શકતા નથી. તેવા સમયે "**અમરેલી એક્સપ્રેસ**" કોઈપણ લોભ, લાલચ કે સ્વાર્થ વગર જનહિતમાં કામ કરી રહ્યું છે તે આપ સૌ જાણો છો.

આજના કળિયુગ અને મુડીવાદનાં માહોલમાં સત્તા અને સંપત્તિ જ સર્વોપરી માનવામાં આવે છે. તેવા સમયે સત્યાનાં માર્ગે અખબારી ધર્મ નિભાવવો એ કાંટાળો માર્ગ છે. છતાં પણ મહાત્મા ગાંધી, ડો. જીવરાજ મહેતા, સરદાર પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર, રાજેન્દ્ર પ્રસાદ કે લાલબહાદુર શાસ્ત્રીનાં સિધ્ધાંતોને ધ્યાને રાખીને દેશ અને દેશવાસીઓનું ભલું થાય તે માટેનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આજે સત્ય, નિષ્ઠા અને પ્રમાણિકતાનાં માર્ગે ચાલવું એ બહુ જ મુશ્કેલ છે. કારણ કે સત્ય હંમેશા કડવું હોય છે છતાં પણ "સત્યમેવ જયતે" જ હોય છે.

"**અમરેલી એક્સપ્રેસ**" દૈનિક નાણા કમાવવાનાં ધ્યેય સાથે નહી બલ્કે જનસેવાનાં ધ્યેય સાથે શરૂ થયું છે અને સતત ૧૪ વર્ષથી જનસેવાનાં કાર્યો કરી રહ્યું છે. જિલ્લામાં કોઈ સારી ઘટના બને તો તે સમાચાર પણ પ્રસિધ્ધ થાય છે અને કોઈ જનવિરોધી કાર્ય થાય તો તે અંગે પણ સચોટ અહેવાલ પ્રસિધ્ધ કરે છે. ખુશામતખોરીથી હંમેશા દૂર રહે છે.

અમરેલી જિલ્લામાં હજુ પણ અનેક સમસ્યાઓ વિકરાળ બની ચુકી છે અને આગામી દિવસો પણ મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારથી ભરપૂર બનવાનાં એંધાણ જોવા મળી રહ્યા છે. ત્યારે "**અમરેલી એક્સપ્રેસ**"ની જવાબદારી વધવાની છે છતાં પણ હિંમત હાર્યા વગર જનસેવાનાં અહેવાલ પ્રસિધ્ધ થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

"**અમરેલી એક્સપ્રેસ**" દૈનિક સેવાનાં ધ્યેય સાથે પ્રસિધ્ધ થઈ રહ્યું છે. ત્યારે જિલ્લાનાં વિજ્ઞાપનદાતાઓને તેમનાં ધંધા–રોજગારની જાહેર ખબર આપવા અને જનસેવાનાં યજ્ઞમાં આહુતી આપવા નમ્ર અનુરોધ કરૂ છું અને જિલ્લાની જનતા પણ "**અમરેલી એક્સપ્રેસ**"નું વધુમાં વધુ વાંચન કરે તે માટે "**અમરેલી એક્સપ્રેસ**" દૈનિકનું વાર્ષિક લવાજમ ભરીને સહયોગ કરે તેવી અપેક્ષા સહ.

**– મનોજ રૂપારેલ–તંત્રી**


**અમરેલી એક્સપ્રેસ**

**૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે**
**હાર્દિક શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૪ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના **૧૫માં વર્ષના મંગલ પ્રારંભે** તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...







શુભેચ્છક
**શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા**
ભાજપ અગ્રણી – સાવરકુંડલા




**અમરેલી એક્સપ્રેસ**

**૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે**
**હાર્દિક શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૪ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના **૧૫માં વર્ષના મંગલ પ્રારંભે** તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...







શુભેચ્છક
**શ્રી ગોપાલભાઈ પી. વસ્તરપરા**
મુ. ચમારડી, તા. બાબરા, (હાલ : સુરત)

# આજે લોકસાહિત્યનાં મર્મજ્ઞ જ્ઞાતા મહેન્દ્રભાઈ જોશીને સ્વ. બાલકૃષ્ણ દવે એવોર્ડ થી સન્માનિત કરાશે


## લેખક, કવિ અને સંશોધક મહેન્દ્રભાઈ જોશીની કેટલીક જાણી–અજાણી વાતોની ઝલક

પ.પૂ.અંશાવતાર દાન મહારાજની ધ્વજા ફર ફરે છે ધજાનાં ફરફરાટ સાથે પુજય શ્રીના આશીર્વાદ વરસે છે. એવા અમરેલી જિલ્લાનાં ચલાલા નામનાં પંખીના માળા જેવા ગામમાં મહાન વિદ્વાન હરી કથાકાર પરમ પુજય છગનબાપા અને ચંપાબા સાદગી ભર્યુ અને ભકિતમય જીવન વ્યિતત કરે છે તેમનાં આંગણે (સરકારી તારીખ) ૧/૬/૧૯૪૯ ના રોજ સોનાનો સુરજ ઉગ્યો એક તેજસ્વી લલાટ હાસ્ય સભર ચહેરા વાળા બાળકનો જન્મ થયો વિદ્વાન બ્રહ્મદેવે મસ્તિષ્ઠ રેખા જોઈ નામ રાખ્યું 'મહેન્દ્ર' હાજી આજે ચિતલનાં આંગણે મહાન લોકસાહિત્યકાર બાલકૃષ્ણ દવેનાં નામે પ્રથમ એવોર્ડ અર્પણ થઈ રહયો છે તે મહેન્દ્રભાઈ જોશીનો પરિચય મારે આપવો છે પુત્રનાં પગ પારણેએ ન્યાયે જાણે સરસ્વતીનું સંતાન હોય તેમ શેરી મિત્રો સાથે રમતા ખેલતા ચલાળાની કુમાર શાળામાં ધોરણ–૧ થી ૭ સુધીનો અભ્યાસ પુર્ણ કર્યો. ૧૯૬૨માં ચલાલાની આર.કે.એમ.એમ. હાઈસ્કુલમાં ધોરણ આઠમાં પ્રવેશ મેળવ્યો. જાણે સંકટનાં દિવસો આવી રહયા હોય તેમ પુજય પિતાશ્રી છગનદાદાનું અવસાન થયું. પરિવારનાં ભરણપોષણની જવાબદારી મોટાભાઈ રમણીકભાઈ જેવો શિક્ષક તરીકે ગામડાની નિશાળમાં ફરજ બજાવતા હતા તેમનાં શિરે આવી પડી ટુંકો પગાર પરિવારને મદદરૂપ થવા માટે મહેન્દ્રભાઈએ ભિક્ષાવૃતિ કરી અભ્યાસ ચાલુ રાખ્યો ઓલ્ડ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ આર્થિક સંકળામણથી કર્યો એનું એક જ ઉદાહરણ છે. પ્રિલિમિનરી પરીક્ષાની ઉત્તરવહી લેવા ઘરમાંથી પિત્તળનો વાટકો ભંગારમાં આપી તેમાંથી ખરીદ કર્યા ઉંચા મેરિટથી ઓલ્ડ એસ.એસ.સી. પાસ થયા સંસ્કૃત વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય જામનગરની આયુર્વેદ કોલેજમાં પ્રવેશ મેળવો ફીની રકમનો અભાવ હોય મનની રાખી અમરેલી અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવી એક વર્ષનો કન્ડેન્સ કોર્સ થી પીટીસી કર્યુ શિક્ષક બનવા માટે ઉંમર ૬ માસ ઘટતા પુરો પુરૂષાર્થ કરી આર્થિક સહાયરૂપ થવા ચલાળા પંડયા ખાદી કાર્યાલયમાં પુજય નાગરદાસભાઈ દેશીને વિનંતી કરતા રૂપિયા ૪૦ ના માસિક વેતનથી નોકરી મેળવી અને રાત્રે ઓકટ્રોય નાકે રાતપાળી નોકરી કરી પરિવારને મદદરૂપ થયા. પીટીસી દરમિયાન મુંબઈનાં શેઠ શ્રી શામજીભાઈ માવજીભાઈ પારેખ તરફથી દર માસે રૂપિયા ૫૦ શિષ્યવૃતિ મળતી નવેમ્બર માસમાં શિક્ષક તરીકેનો ઈન્ટરવ્યું આપી તારીખ – ૧/૧૨/૧૯૬૭ થી પ્રથમ નિમણુંક ગરમલી જીયાણી શાળામાં મળતા સૌ આનંદિત બન્યા.

પ્રભુકૃપાએ સુખનાં દિવસો આવતા હોય તેમ ૧૯૭૧ ના મે મહિનામાં બગસરા નિવાસી પુજય શિવશંકર બેચરભાઈ ાજોશીનાં સુપુત્રી સંસ્કારી સર્વ ગુણ સંપન્ન શિક્ષિકા તરીકે નોકરી કરતા હેમલતાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા કલાપી કહે છે. તેમ 'અહો કેવું સુખી જોડુ કર્તા એ નિર્મ્યુ દિવસે''

ગરમલીથી શેલ ખંભાળિયા સિંગલ ટીચર સ્કુલમાં બદલીથી હાજર થયા તે સમયમાં ભલા અને સંવેદનશીલ મહાપુરૂષ ઠારૂભાઈ વાળા સરપંચ હતા તેમણે ખુબ જ આદરભાવ સાથે એમને ફરજમાં મદદરૂપ થયા ત્યાંથી ગોપાલગ્રામ બદલી થતાં સમગ્ર ગામે ભેગા મળી સોનાની વીંટી અર્પણ કરી વિદાયમાન આપ્યું.

અહીં પરમ સ્નેહી વડીલ પુજય આત્મારામભાઈ નિમ્બાર્ક શિસ્તના આગ્રહી વિદ્યાર્થી અને શિક્ષકોને હેત કરવા વાળા આચાર્ય પાસેથી શાળાને લગતી તમામ વહીવાટી કામગીરીમાં પારંગત થયા તે સમયે કુંકાવાવ તાલુકાનાં મોટા મુંજીયાસર ગામનાં લોકોને શાળા સ્ટાફ સાથે અસંતોષ હોય શાળાને તાળબંધી કરી ત્યારે જિલ્લા સમિતિનાં ચેરમેન આદરણીય નર્મદા શંકરભાઈ જોશી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી સાહેબે



ઉકેલ તારીખ ૭/૭/૧૯૭૭ ના રોજ મહેન્દ્રભાઈ જોશીને આચાર્ય તરીકે મુકયા. તેમણે સમગ્ર ગામ અને સ્ટાફનાં સંપુર્ણ સહયોગ સાથે શાળામાં સુંદર કામગીરી બજાવી સૌના પ્રિય બન્યા લોક સહયોગથી શાળામાં પાંચ નવા ઓરડાનું બાંધકામ કરાવ્યું.

૧૯૮૭ના જુન માસમાં બગસરા તાલુકા શાળામાં બદલી થતાં આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફનાં સહયોગથી શિક્ષણ અને શિક્ષણે ત્તર પ્રવૃતિમાં જિલ્લા અને રાજકક્ષાએ તાલુકા શાળાને ગૌરવવંતુ સ્થાન અપાવ્યું.

ત્યાં નટવરનગર શાળામાં ગ્રામજનો અને શાળા સ્ટાફ વચ્ચે અસંતોષ ઉભો થતાં ગામ લોકોએ શાળાને તાળા બંધી કરી ૧૫ દિવસના ઉગ્ર આંદોલન બાદ તારીખ ૬/૬/૧૯૯૪ ના રોજ જિલ્લા અને રાજય અધિકારીની સમજાવટ પછી નટવર નગર શાળાનાં આચાર્ય તરીકેનો ચાર્જ સંભાળ્યો. શાળા સ્ટાફનાં ભાઈઓ બહેનો સાથે વિશ્વાસપુર્વક ચર્ચા કરી શિક્ષણ કાર્યની અંદર સહુને જોતર્યા અને ગ્રામ લોકો પ્રસન્ન થયા જિલ્લા કક્ષાએ શિક્ષણ સમિતિનાં ઉત્સાહી સંવેદનશીલ નીડર ચેરમેન તરીકે આદરણીય ધીરૂભાઈ કોટાડીયા સાહે બ તરફથી જિલ્લામાં શ્રેષ્ઠ શાળા શ્રેષ્ઠ શિક્ષક અને શ્રેષ્ઠ આચાર્ય તરીકેના એવોર્ડ જાહેર થતાં ત્રણેય એવોર્ડ નટવર નગર શાળ ાને પ્રાપ્ત થયા ૧૯૯૫ થી રાજયમાં મિનિમમ લેવલ ઓફ લર્નિંગમાં તજજ્ઞ તરીકે સમગ્ર રાજયમાં શિક્ષકો આચાર્યઓને તાલીમ આપવાની ઉતમ કામગીરી કરી. કુંટુંબ કલ્યાણ રાષ્ટ્રીય કામગીરીમાં સંગઠન સાથે જોડાય સમગ્ર જિલ્લાનાં પ્રવાસ કરી સફળ કામગીરી બજાવી.

સમર્થ લોકવાર્તાકાર આદરણીય પદ્મશ્રી કાનજીભાઈ બારોટ 'હીંગોળદાન ગઢવી, વિદ્યારામભાઈ હરિયાણી, દાદુદાનભાઈ ગઢવી, નટુભાઈ જોષી, હેમુભાઈ ગઢવી, રાવત ભગત બાપુ, પ્રફુલ્લભાઈ દવે, બાલકૃષ્ણભાઈ દવે, જેવા અનેક મોટા ગજાનાં સાહિત્યકારોનાં સંપર્ક જાળવી લોક સાહિત્યમાં રત રહયા. બાલકૃષ્ણભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી ઉદ્ઘોષક તરીકે સેવા આપી. જેમાં ખાસ કરી જગમશહૂર જાદુગર કે.લાલ, જુનિયર (હસુભાઈ) મનહર ઉધાસ, પ.પૂ.મોરારીબાપુ જેવા મહાનુભાવો જેવા વકતાની સભાની સંચાલન કરી આશિર્વાદ મેળ વ્યા.પ.પૂ.મોરારિબાપુનાં રૂડા આશિર્વાદથી પૂ.બાપુના જન્મદિવસ ૨૫/૯/૨૦૧૪ થી અમરેલીમાં ''લોકસાહિત્ય સેતુ'' નામે સંસ્થાની સ્થાપનાં કરી. કોઈ નાણાકિયા વહીવટ વગર ૯ વર્ષથી દર માસના ત્રીજા રવિવારે નિયમિત બેઠક મળે છે. કોઈ સભ્ય ફી નહી, કલાકારોને પુરસ્કાર નહી. લોકસાહિત્યનાં દિલથી સાધક કલાકારો રોજી છોડી નિયમિત ભાવકોને મોજ કરાવે છે. મુ. જોરાવરસિંહ જાદવ બાપુ, અંબાદાનભાઈ રોહડીયા, અમદાવાદ દુરદર્શનનાં શ્રી કિશોરભાઈ જોશી સાહિત્યકાર શ્રી રાઘવજીભાઈ માધડ બળવંતભાઈ જાની મનોહરભાઈ ત્રિવેદી કૃષ્ણભાઈ દવે ઈતિહાસ વિદ શ્રી પ્રદ્યુમનભાઈ ખાચર જેવા મોટા ગજાનાંા મહાનુભાવોએ આ બેઠકમાં ઉપસ્થિત રહી સંતોષ વ્યકત કર્યો છે લોક સાહિત્ય સેતુના કલાકારોમાંથી ચાર બાળ કલાકારો દર વર્ષે યોજાતા બાલ મહોત્સવમાં લોકગીત લોક વાર્તા અને લગ્ન ગીત જેવા વિભાગમાં રાજયમાં પ્રથમ સ્થાન મેળવી ગૌરવ અપાવ્યું છે. તો છ જેટલા કલાકારો પોતપોતાની રીતે ડાયરાનું આયોજન કરી ગૌરવ આપ્યું છે. પુસ્તક પરબનાં પ્રણેતા, દાતાશ્રી સ્વ.ડો.પ્રતાપભાઈ પંડયાની હુંફથી તેમજ તેમનાં સુપુત્રી આદરણીય મનિષાબેન પંડયા (અમેરિકા સ્થિત) પણ સંસ્થાને ભારે આર્થિક સહયોગ આપતા રહે છે નિયમિત બેઠક માટે બાલભવનનાં મેનેજીંગ ટ્રસ્ટી અને બોરીવલી મુંબઈના પુર્વ ધારાસભ્ય આદરણીય શ્રી મહેન્દ્રભાઈ મહેતા તરફથી કાયમી ધોરણે બાલભવનનો પ્રાર્થનાખંડ લોકસાહિત્ય સેતુની બેઠક માટે નિઃશુલ્ક ફાળવેલ છે.

સમગ્ર દેશમાં જે નામની માધ્યમિક શાળા હોય તેવા લોકસાહિત્યનાં ભિષ્મપિતા પુજય મેઘાણીજીના નામે અપાતા એવોર્ડ (બગસરા) શિવાગૃપનાં ઉત્સાહી યુવાનો દ્વારા ૨૦૨૦નો એવોર્ડ મેળવવા ગૌરવ વંતા બન્યા. આટલા વર્ષોની સાધનાની ચિતલ બાલકૃષ્ણ દવે સાહિત્ય સભાનાં મહાનુભાવોએ નોંધ લઈ ''બાલકૃષ્ણ દવે એવોર્ડ'' નાં પ્રારંભનો પ.પૂ.પ્રયોગરાજબાપુ (લઘુમહંત દાનમહારાજ જગ્યા ચલાલા) પ.પૂ. ભકિતરામબાપુ (માનવમંદિર સા.કુંડલા) હાસ્ય સમ્રાટ પદ્મશ્રી શાહબુદીન રાઠોડ સાહેબનાં વરદ હસ્તે સ્વિકારી આપ સહુની શુભેચ્છાઓ સાથે ગૌરવ અનુભવે છે. તેમનાં ધર્મપત્ની હેમલતાબેન પણ શ્રેષ્ઠ શિક્ષિકા એવોર્ડ વિજેતા છે નોકરી સાથો સાથ પોતાનાં પતિને સેવા પ્રવૃતિઓ માટે મોકળા મુકી પરિવારનાં તમામ વ્યવહારિક પ્રસંગો પાર પાડી ઉતમ સહયોગ આપી ''સફળ પુરૂષની પાછળ સ્ત્રીનો હાથ હોય છે.'' તે સાર્થક કર્યુ છે. તેથી મહેન્દ્રભાઈ આ એવોર્ડનાં સાચા હક્કદાર હેમલતાબેન અને ત્રણે દિકરીઓને ગણે છે.

મહેન્દ્રભાઈ જોષી એક સારા લેખક, કવિ, પત્રકાર અને લોકસાહિત્ય ક્ષેત્રનાં સંશોધક પણ છે. તેઓ ના દ્વારા ગુજરાતના ગણ માન્ય અખબારો, મેગેઝીનોમાં તેમનાં લેખો નિયમિત પણે પ્રસિદ્ધ થતા રહે છે. આમ કહીએ તો તેઓ સાચા લોક શિક્ષક છે. અનેક વિધ સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા છે. આવા એક લોક સાહિત્યના તજજ્ઞ શ્રી બાલકૃષ્ણભાઈ દવેનાં નામથી શરૂ થઈ રહેલો પ્રથમ એવોર્ડ તેમને મળતો હોય ત્યારે આપણને સહુને અનેરો આનંદ થતો હોય છે. આ એવોર્ડ માટે શ્રી મહેન્દ્રભાઈ જોષીને પસંદ કરવા બદલ સ્વ.શ્રી બાલકૃષ્ણ દવે સાહિત્યસભા, ચિતલનાં પ્રમુખ શ્રી કનુભાઈ લીંબાસીયા મંત્રી શ્રી હસુભાઈ મહેતા તથા શ્રી વિદ્યાભારતી ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી ઈતેશભાઈ મહેતા સંયોજક શ્રી બીપીનભાઈ દવે સમેત તમામ પદાધિકારીઓને અભિનંદન આપું છું.

**અહેવાલ મોટાભાઈ સંવટ**
**મેનેજિંગ ટ્રસ્ટી ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, અમરેલી**

### કેશોદનાં 3 વ્યકિતઓ વિરૂદ્ધ ફરિયાદ

## અમરેલીનાં સહજ સિટી પરિવારનાં પ્રતાપભાઈનાં પિતા સાથે ૪૫ લાખની છેતરપીડી થતાં ચકચાર

### ચલાલા પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી

અમરેલી, તા. ૧૧


અમરેલીના લાઠી રોડ સહજ સીટીમાં રહેતા પ્રતાપભાઈ કરશનભાઈ પટેલ (નસીત) નામના વેપારીના પિતાની ધારી તાલુકાના વાઘવડી ગામની સીમમા કબ્જા સહિતના વેંચાણ કરારની ખાતા નં–૧૭૬ની જુદા–જુદા સર્વે નંબરોની ખેતીની જમીન આશરે ૭૮ વિઘા છે. જેના મૂળ માલીક રાજકોટ ગામે રહેતા અસ્મિતાબેન કિશોરભાઈ વાછાણીની છે. જેની પાસેથી આ ખેતીની જમીનનો કબ્જા સહિતનો વેચાણ કરાર કરી અમરેલીના વેપારીના પિતાના નામે અથવા તેઓ કહે તેના નામે દસ્તાવેજ કરી આપવાનો કરાર કરાવેલ અને આ કરારના આધારે આરોપી પંકજભાઈ કાનજીભાઈ કાછડીયા, દિનેશભાઈ રમણીકલાલ મહેતા તથા અલ્કેશકુમાર ભાણજીભાઈ ચોથાણી (રહે.ત્રણેય કેશોદ જી.જુનાગઢ) વાળાઓ રૂપિયા ૯૫,૦૧,૦૦૦ (પંચાણુ લાખ એક હજાર) માં વેપારીના પિતા પાસેથી આ ખેતીની જમીન વેચાતી રાખી વેચાણની રકમ પૈકી રૂપિયા ૫૦,૦૦,૦૦૦ (પચાસ લાખ) ચુકવી બાકીના રૂપિયા ૪૫,૦૧,૦૦૦ થોડા દિવસોમા ચુકવી આપીશું તેવો ભરોસો વિસ આપી જમીનનો દસ્તાવેજ અમરેલીના વેપારીના પિતા મારફતે જમીનના મૂળ માલિક અસ્મીતાબેન પાસેથી કરાવી લઈ વેપારીના પિતાને બાકીના નાણા રૂપિયા ૪૫,૦૦,૦૦૦ નહિ ચુકવી આરોપીઓએ વિશ્વાસઘાત છેતરપીંડી, ઠગાઈ કર્યાની ફરિયાદ ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

## જાળીયા ખાતે પાથર પરિવારનાં આંગણે ગુરૂવારે ચિ. સુરભીનો લગ્નપ્રસંગ યોજાશે

અમરેલી, તા. ૧૧

જીવનનાં ચાર આશ્રમ પૈકી ગૃહાસ્થાશ્રમની ગરવી, ગૌરવવંતી, કેડી પર પાવન પાવક, પવિત્ર અગ્નિની સાક્ષીએ, ઢોલ–નગારા, શરણાઈનાં સુરીલા સુરની ડગ માંડીને જાળીયા નિવાસી અ.સૌ. શોભનાબેન તથા ભુપતભાઈ ધીરૂભાઈ પાથરની સુપુત્રી ચિ. સુરભીનાં શુભલગ્ન ચિ. રોનક જે વડોદરા નિવાસી અ.સૌ. જસવંતીબેન તથા પ્રકાશભાઈ હરીભાઈ રાઠોડનાં સુપુત્ર સાથે આગામી તા. ૧૪/૧૨/૨૩ને ગુરૂવારનાં રોજ અમરેલીનાં જાળીયા ખાતે તોરણ નિરધાર્યા છે.

આ શુભ પ્રસંગને લઈ પાથર પરિવાર ધ્વારા મિત્ર–મંડળ, શુભેચ્છકો સહિતનાંઓને આમંત્રિત કરવામાં આવ્યા છે.




### ફાઈવ ટ્રિલીયન ઈકોનોમીનાં દાવા વચ્ચે શિક્ષકોને સામાન્ય પગારની રકમ મળતી નથી

## રાજયભરમાં જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી તો કરાઈ અને હવે એક મહિનાનો પગાર આપવામાં ઠાગાઠૈયા

### મહિને ૨૧ થી ૨૪–૨૫ હજારની ફિકસ રકમ ચુકવવામાં પણ વિલંબ

અમરેલી, તા. ૧૧

શિક્ષક કયારે પણ સામાન્ય નથી હોતા તેમ આપણી ગુજરાતીમાં કહેવત છે. ત્યારે ગુજરાતમાં જ જ્ઞાન સહાયક શિક્ષકોની હાલત કફોડી બની છે. તાજેતરમાં સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કાયમી શિક્ષકોના બદલે અગિયાર મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયક શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે. આ બાબતમાં સરકારના શિક્ષણ વિભાગના નિર્ણય સામે શિક્ષક બનવા માટે જરૂરી ટેટ તથા ટાટ પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોનો વ્યાપક વિરોધ ઊભો થયો હોવા છતાં રાજયના શિક્ષણ વિભાગે એકના બે નહીં થઈ અને જ્ઞાન સહાયકની અગિયાર માસના કરાર આધારિત ભરતી કરી નાંખી હતી. આ ભરતી થઈ ગયા બાદનો એક મહિના ઉપરાંતનો સમય વીતી જવા છતાં પણ આવા જ્ઞાન સહાયકને શિક્ષણ વિભાગે પગાર નહીં અપાતા જ્ઞાન સહાયકમાં ભરતી થયેલ શિક્ષકો ભારે આર્થિક સંકડામણનો સામનો કરી રહયા છે.

સમગ્ર રાજયના શિક્ષણ વિભાગની અનુદાનિત અને સરકારી સ્કુલમાં શિક્ષકોની ઘટ હોવાની વ્યાપક ફરિયાદ ઉઠતા સરકારના શિક્ષણ વિભાગે શિક્ષક બનવા માટે જરૂરી ટેટ તથા ટાટ પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોનોને કાયમી શિક્ષકોની ભરતી કરવાના બદલે અગિયાર મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયક શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે. આ જ્ઞાન સહાયકની ભરતી સમયે ટેટ તથા ટાટ પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોએ પાટનગર ગાંધીનગર તથા દરેક જિલ્લા કક્ષાએ વ્યાપક વિરોધ કર્યો હોવા છતાં રાજયના શિક્ષણ વિભાગે એકના બે નહીં થઈ અને જ્ઞાન સહાયકની અગિયાર માસના કરાર આધારિત ભરતી એક માસ પહેલાં કરી હતી.

બેરોજગારીનો સામનો કરતાં શિક્ષિત બેરોજગાર ઉમેદવારોએ ખાનગી સ્કૂલોની અથવા તો અન્ય ખાનગી સંસ્થાઓમાંથી પોતાની નોકરી છોડી આ અગિયાર મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયક શિક્ષકોમાં જોડાયા છે. આ અગિયાર મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયક શિક્ષકોની નિમણુંક પામેલ શિક્ષકોને નિમણુંકના એક મહિના પછી પણ પગાર નહીં મળતા જ્ઞાન સહાયકમાં ભરતી થયેલ શિક્ષકો ભારે આર્થિક સંકડામણનો સામનો કરી રહયા છે. ત્યારે આવા ખુબ જ ઓછા પગારથી નોકરી કરતાં અગિયાર મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયક શિક્ષકોનો પગાર કયારે થશે ? તેવો વેધક સવાલ હવે અગિયાર મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયક શિક્ષકો પુછી રહયા છે.

### અખબારી અહેવાલો અને આગેવાનોની રજૂઆત બાદ

## આનંદો : રાજુલા શહેરમાં આધારકાર્ડની કામગીરી શરૂ થતાં શહેરીજનોમાં ખુશ

### અરજદારોને સાવરકુંડલા જવામાંથી છૂટકારો

રાજુલા, તા. ૧૧

રાજુલા શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી આધારકાર્ડની કામગીરી બંધ હતી આ બાબતે અવારનવાર અખબારી અહેવાલો પ્રસિદ્ધ થયા હતા અને આગેવાનોએ અમરેલી જિલ્લા કક્ષાએ રજૂઆત કરી આધારકાર્ડ સેન્ટર શરૂ કરવા માટે રજૂઆત કરી હતી. પરિણામે રાજુલા શહેરમાં આધાર કાર્ડની કામગીરી શરૂ કરવામાં આવતા રાજુલા શહેરીજનો તેમજ ૭૨ ગામના લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવાબ પામી છે કારણ કે આધાર કાર્ડમાં સુધારા વધારા સહિતની કામગીરી માટે છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં આધારકાર્ડની કામગીરી બંધ હતી પરિણામે નાના–મોટા કામો અટકીને ઉભા હતા. ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકોને નવું આધારકાર્ડ કઢાવવું હોય તો જાફરાબાદ રાજુલા આજુબાજુના ૭૨ થી ગામોને સાવરકુંડલા જવું પડે છે ત્યારે હવે નવા આધારકાર્ડનું સેન્ટર રાજુલા શહેરમાં આપવામાં આવે તો સાવરકુંડલા સુધીનો ધક્કો બંધ થાય તેમ છે. આ દિશામાં પણ ધારાસભ્યહીરાભાઈ સોલંકી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

અમરેલી એકસપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે

અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી–૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩



## પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વીરાણીને માત્ર ૩ મત ને માલાણીને ૧૪ મત

# ભૈ વાહ : સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ચેરમેન પદે પુનઃ દીપક માલાણી

**સમગ્ર પંથકનાં ખેડૂત માટે અર્ધી રાતનો હોંકારો સમાન સહકારી અગ્રણીને ભવ્ય સફળતા મળતાં શુભેચ્છાનો વરસાદ**

**મહાત્મા ગાંધી અને સરદાર પટેલનાં વિચારોથી પ્રભાવિત દીપકભાઈ માલાણીનો વિજય એટલે સમગ્ર પંથકનાં ખેડૂતોનો વિજય**

**વાઈસ ચેરમેન પદે મેંકડા ગામનાં મહેશભાઈ લાખાણી બિનહરિફ વિજેતા થયા**

**ભાજપ અને સહકારી જગતનાં આગેવાનોએ બન્ને આગેવાનોને અભિનંદન પાઠવ્યા**



સાવરકુંડલા, તા. ૧૧

અમરેલી જિલ્લાની મહત્વની અને એક મોટી બજાર સમિતિ એટલે સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનાં ચેરમેન, વાઈસ ચેરમેનના પદ માટેની આજે યોજાયેલ ચૂંટણીમાં જિલ્લા ભાજપ કિસાન મોર્ચા મહામંત્રી અને ખેડૂત અગ્રણી દીપકભાઈ માલાણીનો ભાજપનાં પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી સામે વિજય થયો.

આજે જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર અને ચૂંટણી અધિકારીએ માર્કેટયાર્ડ સાવરકુંડલાનાં ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી યોજતા કુલ ૧૭ ડીરેકટરોએ કરેલ મતદાનમાં દીપકભાઈ માલાણીને કુલ ૧૪ મતો મળેલ અને પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી કે જેઓને ચૂંટણી લડવા પક્ષનો મેન્ડેન્ટ ન હોવા છતાં મેન્ડેન્ટની ઉપરવટ જઈ પક્ષના સત્તાવાર ઉમેદવાર દીપકભાઈ માલાણી સામે ઉમેદવારી નોંધાવતા ચેરમેનની ચૂંટણી યોજાયેલ હતી અને કુલ ૧૭ ડીરેકટરોએ મતદાન કરેલ. જેની ગણતરી થતાં દીપકભાઈ માલાણીનો ૧૪ મતોથી વિજય થયેલ સામે ત્રણ ટર્મ ધારાસભ્ય તરીકે રહેલ કાળુભાઈ વિરાણીને માત્ર ૩ મતો મળેલ છે. જેને અનુસંધાને ધારાસભ્યની એક ટર્મ દીઠ એક મત મળ્યાનો ટોક ઓફ ટાઉન મુદો બની ગયેલ અને ટર્મ દીઠ એક મતની વિસ્મયકારી કોમેન્ટ ચાલું થઈ ગયેલ. ત્યારબાદ વાઈસ ચેરમેન પદ માટે મહેશભાઈ લાખાણીએ ઉમેદવારીપત્ર ભરેલ અન્ય કોઈ ઉમેદવારીપત્ર રજૂ ન થતાં મહેશભાઈ લાખાણી મેકડાવાળાને માર્કેટયાર્ડ સાવરકુંડલાનાં વાઈસ ચેરમેન પદે બિનહરિફ જાહેર કરવામાં આવ્યા.

ભાજપનાં વ્હીપ મુજબ બન્ને પદાધિકારીઓ ચૂંટાઈ આવતા સૌપ્રથમ પાર્ટી વતી વ્હીપ રજૂ કરનાર તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, સિંચાઈ સમિતિ જિલ્લા પંચાયત અમરેલીના પ્રતિનિધિ લાલભાઈ મોર, જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાણી, પુનાભાઈ ગજેરા, રાણાભાઈ રાદડીયા, સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, એપીએમસી ડીરેકટરો દુર્લભજીભાઈ કોઠીયા, જસુભાઈ ખુમાણ, ચેતનભાઈ માલાણી, અતુલભાઈ રાદડીયા, મહેશભાઈ કાછડીયા, રમણીકભાઈ રાદડીયા, દેવાતભાઈ બલદાણીયા, બાબુભાઈ માલાણી, અશ્વિનભાઈ માલાણી, હરેશભાઈ મશરૂ, કલ્પેશભાઈ ઠુંમર, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ લલીતભાઈ બાળધા, નગરપાલિકા સદસ્ય કિશોરભાઈ બુહા, મેંકડા સરપંચ લાખાભાઈ, સેવા મંડળીના પ્રમુખ નાથાભાઈ ગેડીયા સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓએ મીઠા વહેંચી અભિનંદન પાઠવેલ. તેમજ રાજય અને દેશના દિગ્ગજ સહકારી નેતા દિલીપભાઈ સંઘાણી, વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા સહિત અગ્રણીઓએ બન્ને પદાધિકારીઓને મોબાઈલ સંદેશાથી અભિનંદન પાઠવ્યા.

આજની ચૂંટણીનો મુખ્ય હોટ મુદો ત્રણ ટર્મ સુધી ધારાસભ્ય રહેલ પૂર્વ ધારાસભ્યને "એક ટર્મ દીઠ એક મત"ના રેશીયાવાળી વાત ટોક ઓફ ટાઉન રહેલ.

## દેશનાં ઉદ્યોગપતિઓને લાખો કરોડો રૂપિયાની લોન માફ અને ખેડૂતોને નોટિસ

# ધારીનાં છતડીયા ગામનાં ૫૦ વર્ષિય ખેડૂતે બેન્કની લોન ચુકવી શકતા ન હોય નોટિસ મળતા ગળાફાંસો ખાઈ લીધો

**જિલ્લાનાં ખેડૂતો કુદરતી અને કૃત્રિમ આફતોથી દેવાનાં ડુંગરમાં દબાયા હોય સંવેદના જરૂરી**

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં અપુરતા વરસાદ, કમોસમી વરસાદ તથા બિયારણ, દવા અને ખાતરના ભાવમાં અસહ્ય વધારા સામે ખેત ઉપજના અપુરતા ભાવના કારણે ખેતી ઉદ્યોગ ભાંગી પાડવાના કારણે ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યો છે. ત્યારે ગઈકાલે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના છતડીયા ગામે રહેતા એક ખેડૂતે આર્થિક સંકડામણના કારણે આપઘાત કરી લીધો હતો, જો કે ધારી પોલીસમાં આ ખેડૂતે અગમ્ય કારણોસર ગળા ફાંસો ખાઈ લીધાનું જાહેર થવા મળેલ છે ત્યારે આ બનાવને લઈ અમરેલી જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી તાલુકાના છતડીયા ગામે રહેતા બાલાભાઈ ઓધવભાઈ રવોદરા નામના ૫૦ વર્ષિય ખેડૂત આર્થિક સંકડામણમાં હોય ત્યારે તેઓ અગાઉ લીધેલ ધિરાણની પૂર્તતા કરવા માટે થઈ કોઈ એક બેન્કે નોટિસ પાઠવતા તે કારણે તેઓએ કંટાળી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો, આ બનાવ બાદ ખેડૂતના મ્રુતદેહને ધારીના સરકારી દવાખાને પોસ્ટ મોર્ટમ માટે ખસેડાયેલ હતો. જો કે આ બનાવમાં ધારી પોલીસમાં આ ખેડૂતે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધાનું જાહેર થવા મળેલ છે. ત્યારે આ બનાવ અંગે ધારી પોલીસના હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ ડાભીએ આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે આ બનાવને લઈ અમરેલી જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે.































### સપ્તાહના પહેલા કારોબારી દિવસે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે

# સોનાના ભાવ ૬૨,૦૦૦ની નીચે, ચાંદીમાં પડ્યું મોટું ગાબડું

## ઓગસ્ટ ૨૦૨૦ બાદ લગભગ અઢી વર્ષ પછી ૨ ફેબ્રુઆરીના રોજ સોનાએ ૫૮ હજારની સપાટી પાર કરી અને ૫૮,૬૬૦ રુપિયાની ટોચે પહોંચીને નવો રેકોર્ડ બનાવ્યો હતો

નવી દિલ્હી, તા.૧૧

સપ્તાહના પહેલા કારોબારી દિવસે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઘટાડાની સાથે સોનું પણ ૬૨,૦૦૦ના સ્તરની નીચે જતું રહ્યું છે. તો ચાંદીમાં મોટું ગાબડું પડ્યું છે. થોડા દિવસો પહેલા ૭૫,૦૦૦ની ઉપર કારોબાર કરતા ચાંદીના ભાવ આજે ૭૩,૦૦૦ના સ્તરની નીચે પડી ગયા છે. આજે સવારે ૧૦.૪૦ વાગ્યે એમસીએક્સ પર ફેબ્રુઆરીના વાયદાનું સોનું ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૬૧,૬૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું છે, બીજી તરફ માર્ચના વાયદાનું ચાંદી ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૭૨,૩૪૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું. સોના-ચાંદીમાં વૈશ્વિક સ્તરે દબાણ જોવા મળ્યા બાદ સ્થાનિક સ્તરે પણ આ જ સ્થિતિ જોવા મળી રહી છે. અહીં મહત્વનું છે કે નવા આર્થિક વર્ષમાં સોનાએ છેલ્લા ૬ મહિના બાદ નવી રેકોર્ડ સપાટીને સ્પર્શીને તેની નવી રેકોર્ડ મત ૬૨,૮૩૪ રુપિયાના સ્તરે બનાવી છે. આજે સવારે ૧૦.૪૦ વાગ્યે એમસીએક્સ પર ફેબ્રુઆરીના વાયદાનું સોનું ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૬૧,૬૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું છે, બીજી તરફ માર્ચના વાયદાનું ચાંદી ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૭૨,૩૪૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામ લેખે ટ્રેડ કરી રહ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૦ બાદ લગભગ અઢી વર્ષ પછી ૨ ફેબ્રુઆરીના રોજ સોનાએ ૫૮ હજારની સપાટી પાર કરી અને ૫૮,૬૬૦ રુપિયાની ટોચે પહોંચીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. જોકે ત્યારબાદ સતત દોઢ-બે મહિને સોનું નવી નવી રેકોર્ડ કિંમતની સપાટી બનાવી રહ્યું છે. તેવામાં છેલ્લે એટલે કે ૫ મે ૨૦૨૩ના રોજ સોનાએ ફરી અસામાન્ય રીતે ઉછળીને પોતાની નવી રેકોર્ડ કિંમત બનાવી હતી. MCX પર નોંધાયેલ આ નવી રેકોર્ડ કિંમત મુજબ એક તોલા સોનું ૬૧,૫૫૨ રુપિયા પર ટ્રેડ થયું હતું. ૨૪ કેરેટ સોનાના આભૂષણોમાં ૯૯૯ લખ્યું હોય છે, જ્યારે ૨૩ કેરેટ સોના પર ૯૫૮, ૨૨ કેરેટ પર ૯૧૬, ૨૧ કેરેટ પર ૮૭૫ અને ૧૮ કેરેટ શુદ્ધ સોના પર ૭૫૦ લખ્યું હોય છે. ૨૪ કેરેટ સોનું લગભગ ૯૯.૯% શુદ્ધ હોય છે જ્યારે ૨૨ કેરોટ સોનું ૯૧ ટકા શુદ્ધ હોય છે. ૨૨ કેરેટ સોનામાં અન્ય ધાતું જેવી કે તાંબુ, ચાંદી અને જિંક ભેળવીને આભૂષણો તૈયાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે ૨૪ કેરેટ શુદ્ધ સોનાના આભૂષણો નથી બનતા. આ તમામ આભૂષણો પર કેરેટ પ્રમાણે હોલમાર્કિંગ થાય છે. જો તમે સોનાની શુદ્ધતા ચકાસવા માંગો છો તો સરકારે આ માટે એક એપ્લિકેશન બનાવી છે. 'BIS Care app' મારફતે ગ્રાહકો સોનાની શુદ્ધતાની ચકાસણી કરી શકે છે. આ એપ્લિકેશન મારફતે સોનાની શુદ્ધતા ઉપરાંત અન્ય અનેક માહિતી મેળવી શકાય છે. આ એપ મારફતે ફરિયાદ પણ કરી શકાય છે. આ એપમાં જો સામાનનું લાઈસન્સ, રજિસ્ટ્રેશન અને હોલમાર્ક નંબર ખોટો હોય તો ગ્રાહકો તાત્કાલિક તેની ફરિયાદ કરી શકે છે. આ એપ મારફતે ફરિયાદ દાખલ થયાની માહિતી પણ ગ્રાહકને ફટાફટ મળી જાય છે.

### પટણા હાઈકોર્ટે જબરદસ્ત ચૂકાદો આપ્યો

# હપ્તો ન ભર્યો હોય તો પણ એજન્ટો નહીં ઉઠાવી શકે ગાડી!

## એજન્ટો દ્વારા કોઈનું વાહન જપ્ત કરવું અથવા છીનવવું એ ગેરકાયદેસર છે અને તેના જીવવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે

નવી દિલ્હી, તા.૧૧

લોન પર કાર લઈને હપ્તા ન ભરનાર લોકોની એજન્ટો ગાડી ઉઠાવી જાય છે. ગુજરાતમાં આ કોમન છે રિકવરી એજન્સીઓ દાદાગીરી કરીને ઘરેથી વાહન લઈ જાય છે પણ પટણા હાઈકોર્ટે જબરદસ્ત ચૂકાદો આપ્યો છે. ઘણીવાર લોન પર કાર, મોટરસાયકલ વગેરે ખરીદનારા લોકો કોઈ કારણસર કાર લોનના હપ્તા સમયસર ચૂકવી શકતા નથી. અને કેટલીકવાર કાર ખરેખર ખેંચવામાં આવે છે. અને આ લોન આપતી બેંકો અથવા ફાઈનાન્સ કંપનીઓના એજન્ટો દ્વારા કરવામાં આવે છે. પરંતુ પટના હાઈકોર્ટે તેના એક નિર્ણયમાં આ એજન્ટ રિકવરી સિસ્ટમ પર બેંકો અને ફાઈનાન્સ કંપનીઓને ફટકાર લગાવી છે. દંડ પણ ફટકારવામાં આવ્યો છે. કોર્ટ કહે છે કે "એજન્ટો દ્વારા કોઈનું વાહન જપ્ત કરવું અથવા છીનવવું એ ગેરકાયદેસર છે અને તેના જીવવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે."

પટના હાઈકોર્ટના જજ રાજીવ રંજન પ્રસાદે પાંચ રિટ અરજીઓ પર સુનાવણી કરતા આ નિર્ણય આપ્યો છે. આ પાંચ અરજીઓ લોનની ચુકવણી ન કરવા બદલ એજન્ટો દ્વારા બળજબરીથી કાર જપ્ત કરવા સામે દાખલ કરવામાં આવી હતી. ૧૯ મે, ૨૦૨૩ ના રોજ આ અરજીઓ પર ચુકાદો આપતી વખતે, ન્યાયાધીશે કહ્યું કે રિકવરી એજન્ટો દ્વારા ગ્રાહકના વાહનોને જપ્ત કરવું ગેરકાયદેસર છે અને જીવનના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. જસ્ટિસ પ્રસાદે કહ્યું કે જો લોન લેનાર ગ્રાહકે લોનના હપ્તા જમા કરાવ્યા નથી તો બેંકો અને લોન આપનારી ફાઈનાન્સ કંપનીઓ વાહન જપ્ત કરી શકશે નહીં.

તેમણે પોલીસને આવા રિકવરી એજન્ટો સામે એફઆઈઆર નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના પણ આપી છે. આ ઉપરાંત આવું કરનાર બેંકો અને ફાઈનાન્સ કંપનીઓ પર ૫૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. બીજી એક વાત, શું આ નિર્ણયનો અર્થ એ થયો કે હવે જો લોનના હપ્તા સમયસર ચૂકવવામાં ન આવે તો કોઈપણ બેંક લોન લીધેલ વાહન અથવા મિલકતનો કબજો ક્યારેય લઈ શકશે નહીં? બેંકો અને ફાઈનાન્સ કંપનીઓને સિક્યોરિટાઈઝેશનની જોગવાઈઓ હેઠળ ગીરો મૂકેલી મિલકત (લોન પર લીધેલી મિલકત) સામે લોનની વસૂલાત કરવાનો અધિકાર છે અને આ કરવા માટે, બેંકો અથવા ફાઈનાન્સ કંપનીઓ મિલકત સામે લીધેલી લોનની વસૂલાત કરી શકે છે.પટના હાઈકોર્ટના જસ્ટિસ પ્રસાદે પોતાના નિર્ણયમાં કહ્યું કે જો બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓએ મોર્ગેજ કરેલા વાહનોની હરાજી કરવી હોય તો તેમણે સંસદ દ્વારા પસાર કરાયેલા 'સરફેસી એક્ટ'નું પાલન કરવું પડશે. આ કાયદા હેઠળ, બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓને તેમના ખરાબ દેવા એટલે કે અવેતન લોનની વસૂલાત માટે લોન હેઠળની મિલકતોની હરાજી કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. ખેતીની જમીન સિવાય, બેંકો આ કાયદા હેઠળ અન્ય તમામ પ્રકારની મિલકતોની હરાજી કરી શકે છે, આ માટે તેમને કોર્ટના હસ્તક્ષેપની પણ જરૂર નથી. જો કે, સરફેસી એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની વિગતવાર પ્રક્રિયા છે.જસ્ટિસ પ્રસાદે એવો પણ આદેશ આપ્યો હતો કે જેમના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે તેમની પાસેથી લોનની ૩૦ ટકા રકમ લેવામાં આવે અને વાહનો તેમને પરત કરવામાં આવે અને બાકીની ૭૦ ટકા લોનની રકમ સમાન હપ્તામાં લેવી જોઈએ. જેમના વાહનોની હરાજી થઈ છે તેમને વાહનોના વીમાની રકમ જેટલી રકમ આપવામાં આવે. તેથી આ નિર્ણય પરથી સ્પષ્ટ થાય છે કે એજન્ટ માટે વાહન જપ્ત કરવું અને તેને છીનવી લેવું ગેરકાયદેસર છે. જો કે, નિયમો હેઠળ, બેંકો અથવા નાણાકીય સંસ્થાઓ લોન ન ચૂકવવાના કિસ્સામાં મિલકતની હરાજી કરવાની પ્રક્રિયા અપનાવી શકે છે.

### કલમ ૩૭૦ પર ઐતિહાસિક ચુકાદો

# કાશ્મીરમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચૂંટણી યોજો : સુપ્રીમ કોર્ટ

## રાજ્ય તરીકેનો દરજ્જો જમ્મુ-કાશ્મીરને જલદી પરત કરો

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બેન્ચે જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ની જોગવાઈઓને નાબૂદ કરવાને પડકારતી અરજીઓ પર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સીજેઆઈ ડીવાયચંદ્રચુડે કહ્યું કે કલમ ૩૭૦ નાબૂદ કરવાનો આદેશ બંધારણીય રીતે માન્ય છે. જમ્મુ અને કાશ્મીરની બંધારણ સભાની ભલામણ ભારતના રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા નથી. સીજેઆઈએ કલમ ૩૭૦ નાબૂદ કરવાના નિર્ણયને બંધારણીય રીતે યોગ્ય ગણાવ્યો હતો. આ સાથે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં ચૂંટણીનું આયોજન કરી દેવામાં આવે અને રાજ્ય તરીકેનો દરજ્જો પણ જમ્મુ-કાશ્મીરને જલદી પરત કરવામાં આવે. જોકે સીજેઆઈએ લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાળવી રાખવાનો નિર્ણય યથાવત્ રાખ્યો હતો.મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે અસાધારણ સંજોગો સિવાય કોઈ પણ વ્યક્તિ કલમ ૩૭૦ નાબૂદ કરવાના રાષ્ટ્રપતિના નિર્ણયને પડકારી ના શકે. તેમણે કહ્યું કે આ નિર્ણય યોગ્ય હતો. તેમાં અમને કોઈ દ્વેષ જણાતો નથી. જસ્ટિસ કૌલે કહ્યું કે કલમ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિને રાજ્યમાં ફેરફાર કરવાનો અધિકાર છે. આ સત્તા હેઠળ રાષ્ટ્રપતિ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી શકે છે. જસ્ટિસ કૌલે વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકારે પોતે કહ્યું છે કે જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં રાજ્યનો દરજ્જો પરત આપી દેશે.

### ભાજપે મ.પ્ર.ના મુખ્યમંત્રી જાહેર કર્યા

# મ.પ્ર.ના મોહન યાદવ મુખ્યમંત્રી, નરેન્દ્ર સિંહ તોમર વિધાનસભાના અધ્યક્ષ

## ભાજપના ધારાસભ્યોની બેઠકમાં સર્વાનુમતે નિર્ણય થયો

ભોપાલ, તા.૧૧

છત્તીસગઢ બાદ હવે મધ્યપ્રદેશમાં પણ મુખ્યમંત્રીના નામની જાહેરાત થઈ ગઈ છે. ૪ રાજ્યોમાં વિધાનસસભા ચૂંટણી પરિણામોની જાહેરાત થયાના ૮ દિવસ બાદ મધ્યપ્રદેશમાં નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરાઈ છે.

કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમરને વિધાનસભા અધ્યક્ષ બનાવાયા છે. અગાઉ શિવરાજ સિંહ ચૌહાણ સહિતના નામો ચર્ચા હતા, જોકે ભાજપે અંતે ઉજ્જૈનના મોહન યાદવના નામ પર ફાઈનલ મહોર મારી છે. ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી, જેમાં સર્વાનુમતે આ નિર્ણય લેવાયો છે. મધ્યપ્રદેશમાં ભાજપે ૧૬૩ બેઠકો જીતી છે, જ્યારે કમલનાથ સામે ચૂંટણી લડી રહેલી કોંગ્રેસે માત્ર ૬૬ બેઠકો પર જીતી છે.

### રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડનો નિર્ણય

# લોકસભા-રાજ્યસભાનો લંચબ્રેક સમય સમાન કરાયો

## દોઢકલાકનો લંચબ્રેક રખાતો હતો જેમાં નમાજના સમયનો સમાવેશ થતો હતો જે ઘટાડી દેવાતા નિર્ણય સામે સવાલ

નવી દિલ્હી, તા.૧૧

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે એક મોટો નિર્ણય કરતાં રાજ્યસભામાં પણ દર શુક્રવારે લંચ બ્રેકનો સમય લોકસભાની જેમ સરખો કરી દીધો છે. એટલે કે લોકસભામાં લંચ બ્રેકનો સમય બપોરે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી હોય છે જેથી હવે રાજ્યસભામાં પણ લંચ બ્રેકનો સમય બપોરે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધીનો જ કરી દેવામાં આવ્યો છે. જોકે આ નિર્ણયને લઈને સવાલો ઊઠવા લાગ્યા છે.

માહિતી અનુસાર અગાઉ રાજ્યસભામાં લંચ બ્રેક માટે દર શુક્રવારે બપોરે ૧:૦૦ થી ૨:૩૦ વાગ્યા સુધીનો સમય મળતો હતો. જેમાં અડધા કલાકનો વધુ સમય નમાઝ પઢવા માટે રખાતો હતો. હવે ઉપરાષ્ટ્રપતિ ધનખડે નિયમોમાં ફેરફાર કરીને શુક્રવારે લંચ બ્રેકનો સમય ઘટાડીને માત્ર એક કલાકનો કરી દેતાં સવાલો ઊઠવા લાગ્યા છે. માહિતી અનુસાર ૮ ડિસેમ્બર એટલે કે શુક્રવારે રાજ્યસભામાં શુક્રવારે લંચ પછી જ્યારે ગૃહની બેઠક બપોરે ૨ વાગ્યે ફરી શરૂ થઈ ત્યારે ડીએમકેના સાંસદ તિરુચી શિવાએ આ મુદ્દો ઉઠાવ્યો, તેમણે કહ્યું કે દર શુક્રવારે ગૃહની બેઠક બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થતી હતી. આ વખતે ૨ વાગ્યે શરૂ કરાઈ, તેનો સમય ક્યારે બદલાયો, આ ફેરફાર કેમ થયો તેની સભ્યોને કોઈ જાણકારી અપાઈ નથી. તેના પર રાજ્યસભાના અધ્યક્ષ ધનખડે જવાબ આપ્યો કે આ ફેરફાર આજથી નથી, આ ફેરફાર તેઓ ઘણા સમય પહેલાથી કરી ચુક્યા છે, તેમણે કારણ આપતાં કહ્યું કે લોકસભાની કામગીરી ૨ વાગ્યાથી શરૂ થાય છે, બંને લોકસભા અને રાજ્યસભા સંસદનો હિસ્સો છે, કામકાજના સમયમાં સમાનતા હોવી જોઈએ, તેથી તેઓએ આ અંગે પહેલાથી જ નિયમો બનાવ્યા હતા.

### વિદેશ જવાનો ભારતીયોમાં ક્રેઝ યથાવત્

# ૨૦૨૩માં બ્રિટને ભારતીયોને સૌથી વધુ વિઝા ઈશ્યુ કર્યા

## ૧૩% સાથે ચીનના નાગરિકો આ યાદીમાં બીજા ક્રમે

લંડન, તા.૧૧

વિદેશ જવાનો ભારતીયોમાં ક્રેઝ હજુ પણ યથાવત્ છે. બ્રિટન દ્વારા જારી કરાતાં તમામ વિઝામાં ભારતીયોને અપાયેલા વિઝાની સંખ્યા લગભગ એક તૃતીયાંશ જેટલી છે. આ સાથે જ બ્રિટનના સૌથી વધુ વિઝા મેળવનારા લોકોમાં ભારતીયો ટોચે પહોંચી ગયા છે. જ્યારે ૧૩% સાથે ચીનના નાગરિકો આ યાદીમાં બીજા ક્રમે છે. બ્રિટનના વિઝાની માગને જોતાં વીએફએસ ગ્લોબલનું કહેવું છે કે તે ફક્ત બ્રિટન માટે પ્રયાગરાજ, ભુવનેશ્વર, કાલીકટ, દહેરાદૂન, ઈન્દોર અને થાણે જેવા અનેક ટુ ટિયર શહેરોમાં અસ્થાયી કેન્દ્રો શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. દુનિયાભરના યાત્રીઓ માટે એક લોકપ્રિય ડેસ્ટિનેશન બ્રિટને ૨૦૨૩માં ૧૮ લાખથી વધુ વિઝિટર વિઝા ઈશ્યૂ કર્યા હતા. બ્રિટન સરકારના આંકડા અનુસાર ૨૦૨૨ની તુલનાએ આ સંખ્યા લગભગ બમણી (૯૬% વધુ) છે.

જૂન ૨૦૨૩ માં સમાપ્ત થનારા વર્ષમાં ભારતીય નાગરિકો માટે ઈશ્યૂ કરાયેલા વિઝિટર વિઝાનું પ્રમાણ સૌથી વધુ (૩૦%) હતું. તેના પછી ચીનના નાગરિકો (૧૩%), નાઈજિરિયાના નાગરિકો (૬%) અને તૂર્કીના નાગરિકો (૬%) ને વિઝા ઈશ્યૂ કરાયા હતા. વીએફએસ ગ્લોબલ સેન્ટર નવા અરજદારોને મહાનગરોની યાત્રા કરવા અને વધારે પડતી અરજી ફી ચૂકવણી કરતા બચાવશે.

ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી બાદ ભારતીયો માટે વિઝા પ્રોસેસ કરવામાં ઝડપ દાખવનારા દેશોમાં બ્રિટન અને કેનેડા સામેલ છે. ૬ મહિનાના વિઝા માટે એક વિઝિટર વિઝાનો ખર્ચ ૧૨,૬૧૫ રૂપિયા છે. જ્યારે બે વર્ષની કાયદેસરતા માટે ૪૩,૮૭૯ રૂપિયા ખર્ચ થાય છે.

# લાલ સાગર-ઈઝરાયેલ-હમાસ યુદ્ધનું નવું મેદાન

જેરૂસલેમ, તા.૧૧

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધને બે મહિના વીતી ગયા છે. બંને વચ્ચે હજુ પણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. જોકે આ દરમિયાન એક સમય એવો પણ આવ્યો હતો કે જ્યારે યુદ્ધવિરામની સ્થિતિ આવી હતી અને એ સમય પણ વીતી ગયો અને ફરી ભીષણ યુદ્ધની શરૂઆત થઈ ચૂકી છે. આ દરમિયાન બંને વચ્ચે લાલ સાગર નવું યુદ્ધનું મેદાન બની ગયું છે. અહીં અમેરિકા બાદ ફ્રાન્સના યુદ્ધજહાજ પર હુમલાની ઘટના સામે આવી છે. આ હુમલા પાછળ યમનનો હાથ હોવાનો આરોપ લાગ્યો છે. યમનના બે ડ્રોન દ્વારા ફ્રાન્સના યુદ્ધજહાજને નિશાન બનાવવામાં આવ્યો હતો. જોકે આ ડ્રોન નષ્ટ કરી દેવાયાની માહિતી છે. ફ્રાન્સના સંરક્ષણ મંત્રાલયે આ માહિતી આપી હતી. યમનમાં ઈરાન સમર્થિત હૌથી બળવાખોરોએ લાલ સાગરમાં અવર જવર કરતાં જહાજોને નિશાન બનાવવાના સોગંદ લીધા છે. હૌથી ઈઝરાયલના કટ્ટર દુશ્મન છે. તેમણે ૭ ઓક્ટોબરે હમાસના આતંકીઓ દ્વારા ઈઝરાયલ પર કરાયેલા હુમલા બાદથી સમુદ્રમાં એક પછી એક હુમલાઓને અંજામ આપ્યો છે જેનાથી એક સૌથી ઘાતક યુદ્ધની શરૂઆત થઈ છે. અગાઉ અમેરિકી જહાજોને પણ નિશાન બનાવતાં ડ્રોન હુમલા કરાયા હતા.

### સુપ્રીમકોર્ટના ચુકાદા પર પ્રતિક્રિયા

# સુપ્રીમના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરતા ઓમર-ગુલામનબી, મહેબુબા

## મહેબુબા મુફ્તીએ સોશિયલ મીડિયા પર વિવાદિત વીડિયો પોસ્ટ કરી સુપ્રીમના ચુકાદાની મૃત્યુદંડ સાથે તુલના કરી

નવી દિલ્હી, તા.૧૧

કલમ ૩૭૦ની કાયદેસરતા અંગે સુપ્રીમકોર્ટે ચુકાદો આપી દીધો છે. ટોચની કોર્ટે કેન્દ્ર સરકારના કમલ ૩૭૦ અંગેના નિર્ણયને યથાવત્ રાખ્યો અને કહ્યું કે હવે તેના પર ચર્ચા કરવી યોગ્ય નથી કેમ કે જ્યારે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ બન્યો હતો ત્યારે જમ્મુ-કાશ્મીરે તેની સંપ્રભુતા ગુમાવી દીધી હતી. જમ્મુ-કાશ્મીરનું ઉદાહરણ આપતાં સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું હતું રાષ્ટ્રપતિને કોઈપણ રાજ્ય વિશે નિર્ણય કરવાનો અધિકાર છે અને તેમણે જ આ નિર્ણય કર્યો હતો. હવે આ ચુકાદા પર વિવિધ નેતાઓ પ્રતિક્રિયા આપવા લાગ્યા છે.

આ ચુકાદા પર પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ખુશી વ્યક્ત કરી હતી તો જમ્મુ-કાશ્મીરથી ઓમર અબ્દુલ્લાહ અને ગુલામ નબી આઝાદ સહિત અનેક નેતાઓએ નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું કે અમે લાંબી લડત માટે તૈયાર છીએ. જ્યારે મહેબુબા મુફ્તીએ સોશિયલ મીડિયા પર વિવાદિત વીડિયો પોસ્ટ કરી આ ચુકાદાની મૃત્યુદંડ સાથે તુલના કરી હતી.

મહેબૂબા મુફ્તીએ સુપ્રીમકોર્ટના ચુકાદાને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો સાથે કહ્યું કે આજે સુપ્રીમકોર્ટે જે નિર્ણય લીધો છે તે ખરેખર નિરાશાજનક છે પણ આપણે નિરાશ થવાની જરૂર નથી. આપણા વિરોધી ઈચ્છે છે કે આપણે નિરાશ થઈએ અને પીછેહઠ કરી લઈએ પણ જમ્મુ-કાશ્મીરના લોકો એટલા નબળા નથી. આ આપણો પરાજય નથી, આ આઈડિયા ઓફ ઈન્ડિયાનો પરાજય છે. આ તેમનો પરાજય છે. જે ગંગા-જમના તહેજીબ સાથે કાશ્મીરના મુસ્લિમોએ પાકિસ્તાનની અવગણના કરી ગાંધીના દેશ સાથે, હિન્દુ ભાઈઓ સાથે હાથ મિલાવ્યા હતા આ તેમનો પરાજય છે. તેમણે કહ્યું કે સરકારે જે ગેરકાયદે કામ સંસદમાં કર્યું આજે તે કાયદેસર ગણાવી રહ્યા છે. આ ફક્ત જમ્મુ-કાશ્મીર માટે જ નહીં પણ સમગ્ર ભારત માટે સજા એ મૌતથી ઓછું નથી.

નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાહે કહ્યું કે આ ચુકાદો નિરાશાજનક છે પણ અમે લાંબી લડત માટે તૈયાર છીએ. સંઘર્ષ ચાલુ રાખીશું. જોકે ગુલામ નબી આઝાદે કહ્યું કે આ સર્વાનુમતે લેવાયેલા ચુકાદાને લીધે હું નિરાશ છું. આજના નિર્ણયથી જમ્મુ-કાશ્મીરના લોકો ખુશ નથી.

### શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી

# સેન્સેક્સ ૭૦ હજારની સપાટીને સ્પર્શી ગયો, નિફ્ટી ૨૧૦૦૦ નજીક

## સેન્સેક્સ ૧૦૩ પોઈન્ટના વધારા સાથે ૬૯,૯૨૮.૫૩ પર જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ વધીને ૨૦,૯૯૭.૧૦ પર બંધ થયો

મુંબઈ, તા.૧૧

એસએમસીજી અને ઈન્ફ્રા ઈન્ડેક્સ આજે ૦.૬૬ ટકાના વધારા સાથે બંધ થયા છે, જ્યારે આઈટી અને ઓટો ઈન્ડેક્સ ૦.૫૦ ટકાના વધારા સાથે બંધ થયા છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ૦.૭૫ ટકા વધ્યો હતો, જ્યારે બેંક્કિંગ શેરોમાં આજે નજીવો (૦.૧૧ ટકા) વધારો થયો હતો, જ્યારે ફાર્મા શેરોમાં આજે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. લગભગ ૩ ટકાના વધારા સાથે યુપીએલ એનએસઈપર ટોપ ગેઈનર હતું, અલ્ટ્રા ટેક સિમેન્ટના શેરમાં આજે ૨.૫૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઓએનજીસીનો શેર ૧.૭૦ ટકા વધ્યો હતો.

ભારતીય શેરબજારો સોમવારે ઉછાળા સાથે બંધ થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ આજે ૭૦ હજારના સ્તરને પાર કરવામાં સફળ રહ્યો હતો. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી ૫૦એ પણ ૨૧ હજારનો આંકડો પાર કર્યો હતો. જો કે, બંધના આધારે, બંને સૂચકાંકો તેમના દિવસના ઉચ્ચ સ્તરની નીચે રહ્યા અને સેન્સેક્સ ૭૦૦૦૦ ની નીચે અને નિફ્ટી ૨૧૦૦૦ ની નીચે બંધ થયા. સેન્સેક્સ આજે ૭૦,૦૫૭.૮૩ની દિવસની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

આજે સેન્સેક્સ ૧૦૩ પોઈન્ટના વધારા સાથે ૬૯,૯૨૮.૫૩ પર જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ વધીને ૨૦,૯૯૭.૧૦ પર બંધ થયો હતો.

એફએમસીજી ઈન્ડેક્સમાં આજે ૦.૬ ટકા અને ઈન્ફ્રામાં ૦.૫૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. આઈટી અને ઓટો ઈન્ડેક્સ ૦.૫૦ ટકાના વધારા સાથે બંધ થયા છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ૦.૭૪ ટકા વધ્યો હતો, જ્યારે બેંક્કિંગ શેરોમાં આજે નજીવો (૦.૧૧ ટકા) વધારો થયો હતો, જ્યારે ફાર્મા શેરોમાં આજે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

લગભગ ૩ ટકાના વધારા સાથે યુપીએલ એનએસઈપર ટોપ ગેઈનર હતું, અલ્ટ્રા ટેક સિમેન્ટના શેરમાં આજે ૨.૫૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઓએનજીસીનો શેર ૧.૭૦ ટકા વધ્યો હતો, જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૧.૨૦ ટકાનો વધારો થયો હતો.

આજે ફાર્મા સેક્ટર પર દબાણ જોવા મળ્યું હતું. ડોક્ટર રેડિસના શેરમાં આજે સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૫ ટકા ઘટ્યો હતો. સિપ્લાના શેરમાં ૧.૪૬ ટકાનો ઘટાડો થયો હતો. એક્સિસ બેંક અને બીપીસીએલના શેરમાં પણ એક ટકાનો ઘટાડો થયો હતો. સોમવારે S&P BSE સેન્સેક્સ ૭૦,૦૫૭.૮૩ ની બીજી સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જો કે સેન્સેક્સ બંધ થવાનો દિવસ ૭૦૦૦૦ની નીચે રહ્યો હતો.

સેન્સેક્સને ૬૦,૦૦૦ થી ૭૦,૦૦૦ સુધી પહોંચવામાં ૫૪૮ દિવસ અથવા ૧.૫ વર્ષ લાગ્યાં. ૩૦-સ્ટૉક એક્સચેન્જ માટે આ ૧૦ હજાર માર્કસ સુધીની મુસાફરીમાં ઘણો સમય લાગ્યો. જોકે, આ સમયગાળા દરમિયાન બજારમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા. સેન્સેક્સની ૧૦,૦૦૦ પોઈન્ટ્સની સૌથી ધીમી સફર ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધીની રહી છે, જ્યાં ભારતના સૌથી જૂના એક્સચેન્જમાં ૨,૩૧૮ દિવસ અથવા ૬.૩૫ વર્ષનો સમય લાગ્યો હતો.

### કર્ણાટકમાં મોટી રાજકીય ઉથલ-પાથલની તૈયારી

# કર્ણાટકમાં ગમે ત્યારે કોંગ્રેસ સરકાર પડી જશે : એચ.ડી. કુમારસ્વામી

## કોંગ્રેસના એક દિગ્ગજ મંત્રી કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ કાયદાકીય મુશ્કેલીઓથી બચવા ભાજપમાં સામેલ થવાનું વિચારે છે

બેંગલુરૂ, તા.૧૧

કર્ણાટકમાં મોટી રાજકીય ઉથલ-પાથલ થવાનો અને કોંગ્રેસની સરકાર પડી ભાંગવાની તૈયારીઓ થઈ રહી હોવાનો જેડીએસએ દાવો કર્યો છે. આ ચોંકાવનારું નિવેદન જનતા દળ (સેક્યુલર)ના નેતા એચ.ડી. કુમારસ્વામીએ આપ્યું છે. તેમણે કહ્યું કે, કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર ગમે ત્યારે પડી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે, સત્તાધારી કોંગ્રેસના એક દિગ્ગજ મંત્રી કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ કાયદાકીય મુશ્કેલીઓથી બચવા ભાજપમાં સામેલ થવાનું વિચારી રહ્યા છે. આ જ કારણે તેઓ બીજેપીના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે.

જેડીએસ નેતાએ પત્રકારોને જણાવ્યું કે, કોંગ્રેસ સરકાર વિખવાદ ચાલી રહ્યો છે. તેઓ જાણતા નથી કે, કોંગ્રેસની સરકાર ક્યારે પડશે. એક મંત્રી પોતાના વિરુદ્ધ કેસોથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. કુમારસ્વામીએ વધુમાં કહ્યું કે, કેન્દ્રએ તે નેતા વિરુદ્ધ એવા કેસો નોંધ્યા છે, જેમાંથી બચવાની કોઈ સંભાવના નથી. જ્યારે પત્રકારોએ નામ પૂછ્યું તો તેમણે કહ્યું કે, નાના નેતાઓ પાસે આવી આશા ન રાખી શકાય, માત્ર પ્રભાવશાળી લોકો જ આવું કરી શકે છે. તેમણે કહ્યું કે, કર્ણાટકમાં પણ કોઈપણ સમયે મહારાષ્ટ્ર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. વર્તમાન રાજકીય માહોલ જોતા એવું લાગી રહ્યું છે કે, કંઈપણ થઈ શકે છે.

કર્ણાટકના મંત્રી પ્રિયાંક ખડગેએ કહ્યું કે, કર્ણાટકમાં ચૂંટણી બાદ જેડીએસનું કોઈ અસ્તિત્વ રહ્યું નથી. જેડીએસ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે સંઘર્ષ કરી રહી છે. ખડગેએ વધુમાં કહ્યું કે, બીઆરએસે ભાજપ સાથે ગઠબંધન કર્યું. તેઓ એક પક્ષ તરીકે પોતાની સ્થિતિ સુનિશ્ચિત કરવા જે કરી શકે છે, તેઓ તે કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, લોકસભા ચૂંટણી બાદ કોંગ્રેસનો સફાયો થવાની વાત ભુલી જાવ. ચૂંટણી પહેલા જેડીએસ પણ નહીં રહે અને ભાજપ પણ નહીં રહે.

## સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચનો ઐતિહાસિક ચુકાદો

# જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવા સુપ્રીમ કોર્ટની મંજુરી

### જમ્મુ-કાશ્મીરમાં બંધારણની તમામ જોગવાઈઓ લાગુ થશે, રાષ્ટ્રપતિને કલમ ૩૭૦ પર નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર છે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૧

આખરે સુપ્રીમકોર્ટની બંધારણીય બેન્ચે ચુકાદો આપી દીધો છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય યથાવત્ રાખતાં અને તે નિર્ણયને યોગ્ય ગણાવતાં સુપ્રીમકોર્ટે કહ્યું કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ચૂંટણીનું આયોજન કરી દેવામાં આવે. આ સાથે સુપ્રીમકોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીરનો રાજ્ય તરીકેનો દરજ્જો પણ જલદી જ બહાલ કરી દેવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાની મંજૂરી આપી દીધી છે. કોર્ટે એ પણ સ્વીકાર્યું છે કે રાષ્ટ્રપતિનો નિર્ણય બંધારણીય રીતે માન્ય હતો. કલમ ૩૭૦ અસ્થાયી હતી. જમ્મુ-કાશ્મીરમાં બંધારણની તમામ જોગવાઈઓ લાગુ થશે. કોર્ટે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિને કલમ ૩૭૦ પર નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમની પાસે બંધારણીય સત્તા છે. જમ્મુ કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. તેનું કોઈ આંતરિક સાર્વભૌમત્વ નથી. પાંચ જજોની બંધારણીય બેન્ચે આ નિર્ણય આપ્યો હતો. તમને જણાવી દઈએ કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારે બંધારણની કલમ ૩૭૦ની જોગવાઈઓને રદ કરવાનો નિર્ણય લીધો હતો. કેન્દ્રના આ નિર્ણય પછી, જમ્મુ કાશ્મીર પાસેથી વિશેષ રાજ્યનો દરજ્જો છીનવી લેવામાં આવ્યો હતો અને તેને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજિત કરી દેવામાં આવ્યું હતું. જેમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમાવેશ થતો હતો. આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. હાલમાં, આજે સ્પષ્ટ થઈ ગયું છે કે કેન્દ્રનો નિર્ણય બંધારણીય રીતે માન્ય હતો. કેન્દ્ર સરકારનું કહેવું છે કે જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે.કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં શાંતિ સ્થાપિત થઈ છે. વિકાસના કામો પણ તેજી જોવા મળી રહી છે. આતંકી ઘટનાઓ ઘટી છે. યુવાનો રોજગારી તરફ આકર્ષાયા છે. શિક્ષણ ક્ષેત્રે પણ પરિવર્તન આવ્યું છે. આરોગ્ય સેવાઓ માટે એઆઈ આઈએમએસબનાવવામાં આવી રહી છે. કલમ ૩૭૦ને હટાવવાના નિર્ણયને યોગ્ય ગણાવતો ઐતિહાસિક ચુકાદો આપનારી સુપ્રીમકોર્ટની બંધારણીય બેન્ચમાં સીજેઆઈ ડી.વાય.ચંદ્ર ચૂડ, જસ્ટિસન સંજય કિશન કોલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંત સામેલ હતા. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં કહ્યું કે, કલમ ૩૭૦ એક 'અસ્થાયી જોગવાઈ' હતી. તેને સમાપ્ત કરવાની સત્તા રાષ્ટ્રપતિ પાસે હતી. કલમ ૩૭૦ નાબૂદ કરવાની સૂચના જારી કરવાની રાષ્ટ્રપતિની સત્તા જમ્મુ અને કાશ્મીર બંધારણ સભાના વિસર્જન પછી પણ ચાલુ છે. ૧.સુપ્રીમ કોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ કરવાનો રાષ્ટ્રપતિનો ૨૦૧૯નો આદેશ માન્ય હતો. રાજ્યની સ્થિતિ પણ ટૂંક સમયમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે. ૨.કોર્ટે કહ્યું કે સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવામાં આવે. એટલે કે સરકારે ૯ મહિનામાં ચૂંટણી કરાવવાની રહેશે. જો કે સરકારે એક નિવેદનમાં એમ પણ કહ્યું છે કે તે ચૂંટણી કરાવવા માટે તૈયાર છે. ચૂંટણી પંચ ગમે ત્યારે કાર્યક્રમ જારી કરી શકે છે. ૩.સુપ્રીમ કોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. તેનું કોઈ આંતરિક સાર્વભૌમત્વ નથી. ભારતમાં જોડાયા પછી જમ્મુ-કાશ્મીરમાં આંતરિક સાર્વભૌમત્વ નથી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું, અમે માનીએ છીએ કે ભારત સંઘ સાથે વિલીનીકરણ બાદ તેની કોઈ આંતરિક સંપ્રભુતા નથી. ૪.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બંધારણીય બેંચે કલમ ૩૭૦ નાબૂદને પડકારતી અરજીઓ પર સર્વસંમતિથી ચુકાદો આપ્યો છે.

---

### એક તરફ રોગચાળો અને બીજી તરફ ગંદકીનાં ગંજ

## લાઠીમાં સરાજાહેર ગંદકીનો માહોલ હોય મહિલાઓએ રણચંડી બની હલ્લાબોલ કર્યો

### ચીફ ઓફિસરે સફાઈ કાર્યની બાંહેધરી આપતા મામલો શાંત

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં અત્યારે રોગચાળાએ માથું ઊંચકયું છે ત્યારે અનેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં સફાઈનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે લાઠી નગરપાલિકાની અંદર સફાઈના પ્રશ્નોને લઈ કયાંક ને કયાંક લોકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે.અને તેમાં ખાસ કરીને અમરેલી જિલ્લાના લાઠી શહેરની અંદર આવેલા કલાપી પાર્ક વિસ્તાર આવેલ છે. ત્યાં વસતી મહિલાઓએ આજે લાઠી નગરપાલિકામાં ઘસી જઈને પાલિકાના ચીફ ઓફિસરને ઘેરાવ કરી સફાઈના મુદ્દે હલ્લાબોલ કર્યો હતો.




કલાપી પાર્ક વિસ્તારમાં રોજબરોજ સફાઈ કામ થતું ના હોવાના કારણે આ વિસ્તારના લોકો પરેશાન થતા હોય અને હાલમાં જે રોગો છે. તેમાં સફાઈના અભાવે અનેક રોગો વધવાની શકયતાઓ પણ જોવા મળી રહી છે. જેને લઈને કલાપી પાર્ક વિસ્તારની મહિલાઓ નગરપાલિકામાં પહોંચીને હલ્લાબોલ કર્યો હતો અને રોજ સફાઈ થાય તેવી માંગ કરી હતી. જો કે લાઠી નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા બાંહેધરી અપાતા મામલો થાળે પડયો હતો.

---

### ડેપો મેનેજર વિરૂધ્ધ હાય રે તેરી તાનાશાહી નહી ચલેગીનાં નારા લાગ્યા

## ઉના તાલુકાનાં મોટા ડેસર ગામે બસ શરૂ કરવા વિદ્યાર્થીઓની પ્રબળ માંગ

### શિલોજ ગામે તમામ બસોને સ્ટોપ આપવા પણ રજૂઆત





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા.૧૧

ઉના એસ.ટી. બસ ડેપો દ્વારા મોટા ડેસર સહિતના ગામોને જોડતી બસનું સંચાલન અચાનક બંધ કરી દેવામાં આવતા શાળાએ જતાં વિદ્યાર્થીઓ, વાલીઓને ભારે હેરાન ગતિ થઈ રહી છે. હાલમાં વિદ્યાર્થીઓને શીલોજ સુધી ખાનગી વાહનોમાં જવું પડતું હોય છે ત્યારબાદ મોટા ડેસર ગામે ચાલીને જવું પડતું હોય છે ત્યારે સૌ ભણે સૌ કોઈ આગળ વધેના દાવાઓને ઉના એસ.ટી. ડેપો પડકાર આપી રહી છે.

ઉના તાલુકાના શીલોજ, મોટા ડેસર સહિતના ગામેથી અભ્યાસ અર્થે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉના ખાતે આવતા હોય છે ત્યારે ઉના એસ.ટી. તંત્ર દ્વારા બસની સુવિધા અચાનક બંધ કરી દેવામાં આવતા વિદ્યાર્થીઓ છેલ્લા ઘણા સમયથી મુશ્કેલી વેઠી રહ્યા છે જેના પરિણામે હાલ આ વિદ્યાર્થીઓના અભ્યાસ અને શિક્ષણ ઉપર ગંભીર અસર પડી રહી છે.


ત્યારે ઉના એસ.ટી. ડેપો મેનેજરના રેઢિયાળ વહીવટને કારણે શાળાઓ શરૂ થઈ હોવા છતાં એસ.ટી. બસ શરૂ કરવામાં નહીં આવતા મોટા ડેસર ગ્રામ પંચાયતના પ્રતિનિધિ ભરત શિંગડ, ભારતીય હિતરક્ષક પાર્ટીના ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ પાંચાભાઈ દમણીયા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ઉનાથી મોટા ડેસર ગામે જતી બસ એસ.ટી. વિભાગ દ્વારા અચાનક બંધ કરી દેવામાં આવતા એસ.ટી. ડેપો ખાતે વિદ્યાર્થીઓ સહિતનાઓ ધ્વારા આવેદનપત્ર પાઠવવા આવ્યા હતા. ત્યારે એસ.ટી. ડેપો મેનેજરની ઓફિસ બંધ હોવાથી ટેલીફોનિક આવેદન અંગેની જાણ કરવામાં આવતા ડેપો મેનેજર દ્વારા એસ.ટી. વિભાગના ડીઝલ પંપ ખાતે આવવાનું જણાવેલ હતું હોય. ત્યાર બાદ આવેદનપત્ર સ્વીકારવા ડેપો મેનેજર ઓફિસની બહાર ન નીકળતા વિદ્યાર્થીઓ તેમજ આગેવાનો રોષે ભરાયા હતા અને ઉના એસ.ટી. બસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં આંદોલન કરવા જમીન પર બેસી ગયા હતા અને ઉના ડેપો મેનેજર વિરૂદ્ધ 'હાય રે તેરી તાનાશાહી નહીં ચલેગી'ના સૂત્રોચ્ચાર કરતા એસ.ટી. ડેપો મેનેજર દ્વારા પોલીસ તંત્રને જાણ કરવામાં આવતા પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને એસ.ટી. સ્ટાફ તેમજ પોલીસ તંત્રની સમજાવટ બાદ ડેપો મેનેજરે ઓફિસની બહાર આવી આવેદનપત્ર સ્વીકાર્યુ હતું અને આ શિલોજ, મોટા ડેસર સહિતના ગામોને જોડતી એસ.ટી. બસ વહેલીતકે શરૂ કરવાની બાંહેધરી આપ્યા બાદ આંદોલન સમેટાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ઉના બસ ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અગાઉ પણ પોતાના વર્તનના કારણે અનેક વખત વિવાદમાં આવી ચુકયા છે. હવે જોવુ રહ્યુ કે આ પ્રકારનું ડેપો મેનેજરનુ મનસ્વી વર્તનને લઈ રાજયના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી વિદ્યાર્થીઓના હિતમાં કયાં પ્રકારનો નિર્ણય લે છે કે પછી વિકસિત ગુજરાતમાં આવી જ રીતે વિદ્યાર્થીઓને એસ.ટી. ની સુવિધાથી વંચિત રહેવુ પડશે તે તો આગામી સમય જ બતાવશે.

---

## અમરેલી : શ્રીમતિ એસ.એચ. ગજેરા ડી.એલ.એસ.એસ. જુડો રમતનાં ખેલાડીઓએ રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું

અમરેલી, તા. ૧૧

અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલનાં ખેલાડીઓએ તા. ૨૧/૧૧/૨૦૨૩ થી ૨૨/૧૧/૨૦૨૩ સુધી ગુજરાત સબ જુનીયર જુડો સ્ટેટ ચેમ્પિયનશીપમાં વડોદરા ખાતે જુડો સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. જેમાં (૧) ધાંધલા વિધી (૨) પંડયા રૂદ્રીકા (૩) દવે વિશ્વા (૪) પટની અરમાન (૫) મેણીયા કલ્પેશ (૬) ડાગોદરા ધ્રુવીન (૭) નંદવાના રવિરાજ (૮) મકવાણા હાર્દિક (૯) પટેલ મન એ રાજયકક્ષાએ પાર્ટીશીપેશન કરેલ હતું. જેમાં (૧) મેણીયા કલ્પેશ (૨) નંદવાણા



રવિરાજે–ગોલ્ડ મેડલ તેમજ (૧) મકવાણા હાર્દિક–સિલ્વર અને (૧) પટણી અરમાન (૨) પટેલ મન–બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું નામ રોશન કર્યુ છે. તેમની આ અપ્રતિમ સિદ્ધિ બદલ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી કોચ ધ્રુવરાજસિંહ ગોહીલ તેમજ તમામ ડી.એલ.એસ.એસ. સ્ટાફ, તમામ પ્રિન્સીપાલ અને કો–ઓર્ડીનેટરે હૃદયપૂર્વક શુભકામના પાઠવી હતી. આ વિદ્યાર્થીઓ આગામી નેશનલ સ્પર્ધામાં ગુજરાત રાજયનું પ્રતિનીધીત્વ કરશે. તેમજ આગામી સમયમાં વધુ સારૂ પ્રદર્શન કરે તે માટે તમામ ખેલાડીઓને હૃદયપૂર્વક શુભેચ્છા આપી હતી.

---


## લાઠી : ધોળકીયા ફાઉન્ડશન દ્વારા રાજયનાં કોઈ પણ ગામમાં તળાવો ઉંડા ઉતારવા મશીનરી પુરી પડાશે

લાઠી, તા. ૧૧

સમગ્ર રાજયમાં જળસંચય કામગીરીમાં અગ્રેચર રહી કામ કરતું ધોળકીયા ફાઉન્ડશન દ્વારા સમગ્ર ગુજરાતમાં જળસ્તર ઉચ્ચા લાવવા અને જળ સંચય કામગીરીને વેગવંતી બનાવવા ગુજરાતના કોઈ પણ ગામમાં સરોવરો તળાવ ઉંડા ઉતારવા, નવા બનાવવા મશીનરી આપવાની જાહેરાત કરી છે. જેમાં લાભાર્થી ગામના લોકોએ કનકભાઈ પટેલ મોબાઈલ – ૯૯૦૪૩ ૫૫૦૦૦ પાસેથી નિયત નમુના અરજીપત્રક મેળવી સંપુર્ણ વિગત ભરી આપવાનું રહેશે. તેમ ધોળકીયા ફાઉન્ડશનની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

## સાવરકુંડલા-ધામેલપરા બંધ કરાયેલ બસને શરૂ કરવાની માંગ



દામનગર, તા. ૧૧

અમરેલી એસ.ટી. વિભાગમાં આવતા સાવરકુંડલા ડેપોની સાવરકુંડલા– દામનગર, ધામેલ પરા લોકલ બસને કોરોનામાં લોકડાઉનથી બંધ કરી દેવાઈ છે, જે આજ સુધી તંત્રના અણઘડ વહીવટથી શરૂ કરવામાં આવી નથી. વર્ષો જૂના આ રૂટમાં સાવકુંડલાથી સાંજના ૫–૧૫ કલાકે ઉપાડી વાયા–સાવર, ભુવા, નાના લીલીયા પાટીયું, પુંજાપાદર, મોટા લીલીયા, સનાળિયા, ખારા, ઢાંગલા, ગુંદરણ, એકલેરા, ઈંગોરાળા, હાવતડ, દામનગર, હજીરાધાર, ધામેલથી ધામેલ પરા રાત્રે ૮ વાગે પહોંચી રાત્રી રોકાણ કરી, વહેલી સવારે ૫ કલાકે ઉપાડી આજ રૂટ પરથી ચલાવી, રત્નકલાકારો, વેપારી મિત્રો અને સામાજિક કામો માટે એકજ જિલ્લાના ત્રણ તાલુકાના ગામડાના લોકોને ખુબજ ઉપયોગી અને સારી આવક મળવતી આ બસ સવારના ૭–૪૫ કલાકે સાવરકુંડલા પહોચતી.તેને કોઈને કોઈ બહાના આગળ ધરીને શરૂ કરવામાં આવી નથી. આ રૂટ શરૂ કરવા મુસાફરો વતી દામનગરના અતુલ શુકલે સાવરકુંડલા ડેપો મેનેજર અને અમરેલી વિભાગીય નિયામકને રજુઆત કરી છે. લાઠી એની સાવરકુંડલાના ધારાસભ્ય આ રૂટને શરૂ કરવા તેમની કક્ષાએ થી યોગ્ય રજુઆત કરે તે જરૂરી છે. જરૂરિયાત મુજબ લોકોની માંગને સંતોષવામાં આવે તે પણ આવશયક છે.

---

## બગસરા : ખોજા સમાજ દ્વારા ધર્મગુરૂ આગાખાનના જન્મદિનની બુધવારે ઉજવણી

બગસરા, તા. ૧૧

સમગ્ર દુનિયામાં ખોજા જ્ઞાતિના ધર્મગુરૂ નામદાર આગાખાન સાહેબનો જન્મદિવસ તા. ૧૩ ડિસેમ્બરનાં રોજ મનાવવામાં આવી રહ્યો છે. નુર મોલાના શાહ કરીમ અલ હુસેની હાજર ઈમામ(અ.સ) નામદાર આગાખાન સાહેબ તરીકે ઓળખાય છે. તેમના મુબારક જન્મ સીઝરલેન્ડ દેશના જીનીવા શહેરમાં તા ૧૩મી ડિસેમ્બર ૧૯૩૬ માં થયો હતો. તેથી દર વર્ષે આ દિવસને સાલાગીરહા દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે દરેક વ્યકિત માટે જન્મદિવસ ખુશીનો દિવસ છે પરંતુ ઈમામના જન્મદિવસની ખુશી અને અગત્યતા અનેક ગણી વધારે હોય છે આજે દુનિયા ના અનેક દેશોમાં ખોજા જ્ઞાતિજનોનો વસવાટ છે દુનિયાના અતિ પ્રગતિશીલ દેશો જેવા કે કેનેડા, ઈંગ્લેન્ડ, ભારત વગેરે દેશોમાં ખોજા




જમાત વસવાટ કરી રહી છે. એક તરફ શહેરી જીવન ધોરણને સુધારવા આગાખાન ફાઉન્ડેશન દ્વારા રૂરલ સપોર્ટ પ્રોગ્રામ સેવા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતાં. અગાખાન આર્કિટેકચર એવોર્ડ પુસ્તક ઉત્તમ સ્થાપત્ય માટે એવોર્ડ આપવામાં આવે છે. આગાખાન હેલ્થ સર્વિસ જેવી સંસ્થાઓમાં નાત જાતના ભેદભાવ વગર લોકોના આરોગ્યની કાળજી રાખે છે નામદાર આગાખાન સાહેબ પોતાના સામાજિક જીવનના દિવસ દરમિયાન સમયગાળામાં ૨૪ કલાકમાંથી સતત ૧૮ થી ૨૦ કલાક પોતાના મુદ્દા માટે કામગીરી કરી રહ્યા છે તેમની હાલની ઉંમરમાં પણ પોતાના કામ પ્રત્યેની ચાહના હજુ પણ અકબંધ રાખેલ છે નામદાર આગાખાન સાહેબ ખોજા જ્ઞાતિઓને સંદેશ આપે છે કે સઘળા કાર્યોમાં નિયમિતતા જરૂરી છે પવિત્ર મુજબની ઉત્તમ પ્રણાલીકા મુજબ વર્તવા માટેની તેઓ ઈચ્છા ધરાવે છે તેમજ મજબનું જે શિક્ષણ ઈમામે ગુમનથી મળતું રહે છે તેને જીવનમાં ઉતારવાથી જે પોતાના મુજબની પ્રણાલિકાનું પાલન થઈ શકે તે માટે આ ભેટથી જ મોલાને તેમજ તેમના જન્મ દિવસે ખુશી કરી શકાય છે.

---


અમરેલી જિલ્લા વિદ્યાસભા વતી

સહૃદયે ભાવપૂર્ણ શ્રધ્ધાસુમન



સ્વ. ડો. જયસુખભાઇ જસાણી

સ્વ.તા. ૧૧/૧૨/૨૦૨૩, સોમવાર. (ઉ.વ.૯૧) મુ. ધારી.

જીવન એવું જીવી ગયા કે સહુના દિલમાં વસી ગયા, આપનો આનંદીત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શીરૂપે અમારી સાથે રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આ દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેજ પ્રાર્થના...

સેવાનો સેતુ તુટી ગયો...

ધારીના રાજકીય, નિષ્ઠાવાન, કેળવણીકાર અને સામાજીક પર્યાયના સેવાસેતુરૂપ અમારા ટ્રસ્ટી, મુરબ્બીશ્રીને સહૃદયે શ્રધ્ધાસુમન અર્પણ...

લી.

પ્રમુખશ્રી : વસંતભાઈ ગજેરા

મંત્રીશ્રી : મનસુખભાઈ ધાનાણી/ચતુરભાઈ ખુંટ

અમરેલી જિલ્લા વિદ્યાસભા – અમરેલી

# ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી પૂ. વિસામણબાપુની જગ્યા વિહળધામે દર્શનાર્થે પહોંચ્યા



ઈફકો ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી પાળીયાદ ખાતે પરમ પૂજય શ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ ખાતે ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળાનાથના દર્શન તેમજ આશીર્વાદ લેવા પધારેલ હતા. તેમજ જગ્યાનાં મહંત પ. પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેર નિર્મળાબા ઉનડબાપુના આશિષ લીધેલ હતા તેમજ જગ્યાના સંચાલક પૂજય ભયલુબાપુની શુભેરછા મુલાકાત લીધેલ હતી.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૨૭૨ | ૧૩૯૧ |
| ૩ | ચણા | ૯૦૧ | ૯૦૧ |
| ૪ | બાજરો | ૪૧૧ | ૪૧૧ |
| ૫ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૬ | સોયાબીન | ૮૮૧ | ૮૯૧ |
| ૭ | તલ સફેદ | ૩૦૧૧ | ૩૨૩૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૫ | ૧૫૨૫ |
| ૨ | મગફળી | ૧૨૨૯ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૧૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૭૨૦ | ૩૦૭૦ |
| ૫ | ઘઉં | ૫૩૪ | ૬૦૬ |
| ૬ | ચણા | ૯૬૦ | ૧૧૩૦ |
| ૭ | સોયાબીન | ૯૦૧ | ૯૧૯ |
| ૮ | અડદ | ૧૫૭૦ | ૧૮૪૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૫૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૧ |
| ૩ | શીંગદાણા | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૪૦ | ૩૩૫૦ |
| ૫ | તલ કાળા | ૩૦૯૦ | ૩૨૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૦૦ | ૪૦૦૦ |
| ૭ | બાજરો | ૩૫૬ | ૪૯૨ |
| ૮ | જુવાર | ૭૮૦ | ૧૧૬૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૮ | ૬૪૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૩૨ | ૬૦૨ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૫૫૦ |
| ૧૨ | મગ | ૧૨૩૦ | ૧૮૭૧ |
| ૧૩ | ચણા | ૭૪૦ | ૧૨૪૫ |
| ૧૪ | ચોળી | ૨૫૧૧ | ૨૬૨૨ |
| ૧૫ | તુવેર | ૭૭૫ | ૧૮૯૦ |
| ૧૬ | કપાસ | ૧૦૦૦ | ૧૪૮૫ |
| ૧૭ | એરંડા | ૧૧૦૦ | ૧૧૪૫ |
| ૧૮ | ધાણા | ૧૦૪૦ | ૧૪૫૩ |
| ૧૯ | સોયાબીન | ૬૦૦ | ૯૪૨ |
| ૨૦ | રજકાનું બી | ૧૪૦૦ | ૩૪૦૧ |
| ૨૧ | મરચા લાંબા | ૧૨૦૦ | ૩૫૪૦ |

### સ્થાનિક પોલીસે એક ઈસમને ઝડપી લીધો

# લાઠી–ચાવંડ હાઈવે ઉપર ચોરીનાં અલગ–અલગ પાંચ બનાવનું રહસ્ય ખુલ્યું

### રૂપિયા ૬૦ હજારનો મુદ્દામાલ રીકવર થયો

અમરેલી, તા. ૧૧

અમરેલીના લાઠી–ચાવંડ હાઈવે ઉપર અલગ અલગ પાંચ વાડીમાંથી ગત તા. ૫/૧૨ રાત્રી સાડા નવ વાગ્યાથી તા. ૬/૧૨ સવારના ૪ વાગ્યા દરમ્યાન રાત્રીના સમયે મકાનોમાં પ્રવેશ કરી મોટર સાઈકલ નં. એમપી–૬૯–એમઈ–૨૨૬૯ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા અલગ અલગ મોબાઈલ ફોન નંગ ૬ કિંમત રૂપિયા ૨૪,૦૦૦ તથા રોકડા રૂપિયા ૮,૫૦૦ મળી કુલ ૭૮,૫૦૦ના મુદામાલની ચોરી કરી અજાણ્યા તસ્કરો નાસી ગયેલ હોય. આ કામે લાઠી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૪૫૭, ૩૭૯, ૩૮૦ મુજબનો ગુન્હો ગત તા. ૭/૧૨ ના રોજ નોંધાયો હતો.

જે અનવ્યે અમરેલીના પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી તેઓના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શરીર સબંધી તથા મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે સઘન પેટ્રોલીંગ કરવા તેમજ આરોપીઓ શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને લાઠી પોલીસે ગત તા. ૫/૧૨ રાત્રી સાડા નવ વાગ્યાથી તા. ૬/૧૨ સવારના ૪ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે બનેલ હોય. જે ગુન્હામાં આરોપી મુળ ગોંડલ ગામના દિલીપભાઈ રમેશભાઈ પરમાર (રહે. હાલ વરતેજ, નારી ચોકડી તા.જી. ભાવનગર)ને કાળા કલરનું મોટર સાયકલ નં. એમપી–૬૯ એમઈ ૨૨૬૯ કિં.રૂા. ૫૦,૦૦૦, બ્લુ કલર તથા કાળા કલરના મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૯૦૦૦ તેમજ રોકડા રૂપિયા ૧,૫૦૦ મળી કુલ રૂા. ૬૦,૫૦૦ના મુદ્દામાલ સાથે ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી પકડી પાડી ચોરીના ગુન્હાનો ભેદ લાઠી પોલીસે ઉકેલી નાંખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૮૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૦ | ૭૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૮૧ | ૧૩૪૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૬૫ | ૧૫૦૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૪૦૦ |
| ૪ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૪૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૩૦ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| ૯ | મકાઈ | ૪૦૦ | ૬૦૦ |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૯૦૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | સોયાબીન | ૯૦૦ | ૯૩૫ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૫ | મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |

### દેશી–વિદેશી દારૂનાં દુષણ વચ્ચે પોલીસને નવી ઉપાધિ

# દામનગરમાં નશાકારક પ્રવાહી ભરેલ ૧૩૦ બોટલ સાથે એક ઈસમની અટકાયત

### ગૌરાંગભાઈ વિનોદભાઈ ઠાકરની અટકાયત

અમરેલી, તા. ૧૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં કફ સિરપ તથા અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર કેટલાંક લોકો પોતાના આર્થિક ફાયદા સારૂ તેનું ગેરકાયદેસર વેચાણ કરતા હોય આવા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી એસ.ઓ.જી.ની ટીમ દ્વારા દામનગરમાં રહેતા ગૌરાંગભાઈ વિનોદભાઈ ઠાકરે ગત તા.૧૮/૮ ના રોજ પોતાના કબ્જા ભોગવટાવાળા મકાનમાંથી શંકાસ્પદ નશાકારક કેફી પીણાની બોટલ નંગ–૧૩૦ કિમત રૂ.૧૫,૬૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ હતો. જે પકડાયેલ મુદ્દામાલ પૈકીની એક–એક બોટલને ફુડ એન્ડ ડ્રગ્ઝ ઈન્સ્પેક્ટર કચેરી અમરેલી ખાતે મોકલી આપતા બોટલોમાં આલ્કોહોલની હાજરી આવેલ હોય જેથી આરોપીએ ગુજરાતમાં દારૂ બંધી હોય અને પ્રોહીબીશનનો કાયદો અમલમાં હોય આલ્કોહોલ મિશ્રિત પ્રવાહીનુ વેંચાણ પ્રતિબંધિત હોવા છતાં નશાકારક પ્રવાહીની બોટલો વેંચાણ, કોઈપણ ડોકટરના પ્રીસ્ક્રીપ્શન વગર ગ્રાહકોને તે દવા તરીકે નહી પરંતુ નશો કરવાના હેતુથી વેચાણ કરી રહેલ. તે બોટલોમા ૫ % કરતા વધુ આલ્કોહોલ છે. તેવુ જાણતો હોવા છતા ગ્રાહકોને આ નશાકારક પ્રવાહી પીવાથી લોકોની જિંદગીને જોખમ ઉભુ થાય તેમજ પીવાથી નશો થાય છે તેમ છતા વેંચાણ કરેલ હોય જેથી આરોપી વિરૂધ્ધ દામનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૬ તથા ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ છે અને મજકુર આરોપીને તા.૭/૧૨ ના રોજ ધોરણસર અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૩૯૧ |
| ૩ | ઘઉં | ૪૩૦ | ૫૬૦ |
| ૪ | ચણા | ૯૩૫ | ૧૦૭૫ |
| ૫ | અડદ | ૧૫૦૦ | ૧૭૬૫ |
| ૬ | ધાણા | ૧૧૬૬ | ૧૩૦૧ |
| ૭ | બાજરો | ૪૧૫ | ૪૨૫ |
| ૮ | તલ | ૨૫૨૫ | ૨૮૧૦ |
| ૯ | તુવેર | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૧૧ | સોયાબીન | ૬૦૦ | ૯૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૯ |
| ૨ | ચણા | ૮૪૯ | ૧૧૪૮ |
| ૩ | ધાણા | ૧૨૬૦ | ૧૩૬૫ |
| ૪ | સોયાબીન | ૮૦૦ | ૯૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૦૯૯ |
| ૬ | મગફળી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૭ | જુવાર | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૫૭ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૮૬ |
| ૧૦ | ચણા સફેદ | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૧૧ | રજકાબી | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૨ | લસણ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૪ | રાય | ૯૬૦ | ૯૬૦ |
| ૧૫ | તુવેર | ૧૬૨૦ | ૧૨૨૦ |
| ૧૬ | અડદ | ૧૬૯૦ | ૧૬૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૩૦ | ૧૪૬૫ |
| ૨ | તલ સફેદ | ૨૯૦૧ | ૩૧૭૫ |
| ૩ | તલ કાળા | ૩૦૦૧ | ૩૧૫૭ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૫૧૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૬૧ |
| ૭ | જુવાર | ૫૦૧ | ૧૧૦૧ |
| ૮ | મગ | ૨૧૦૦ | ૨૨૭૬ |
| ૯ | મઠ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૦ | અડદ | ૧૪૫૦ | ૧૯૭૦ |
| ૧૧ | કાંગ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૨૧૨ |
| ૧૩ | સોયાબીન | ૮૫૦ | ૯૧૫ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં યોજાયેલ સંસ્કૃત ગૌરવ પરીક્ષા



સંસ્કૃભારતી ગુજરાત દ્વારા પ્રકલ્પચાલી રહ્યો છે. તેમાં વિવિધ પરીક્ષાઓનું આયોજન પ્રતિવર્ષ થાય છે. સંસ્કૃતિ પ્રેમીઓને જણાવતા ખુબ જ આનંદ થાય છે કે આ અંતર્ગત તા. ૯ ડિસેમ્બરનાં રોજ શ્રી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય–ચલાલામાં સમગ્ર સમાજ માટે ખુલ્લા મુકાયેલ આ પ્રકલ્પને સાર્થક કરવા શાળાનાં ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફ દ્વારા પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૬ થી ૧૨ અને કોલેજનાં ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્કૃત ગૌરવ પરીક્ષાનાં માધ્યમથી બાલ્યકાળથી સંસ્કૃત પરિચય, સામાન્યજન સંસ્કૃતાભિમુખ થાય, સંસ્કૃત પ્રત્યે પ્રેમ થાય, આના થકી ભવિષ્ય પ્રતિ ચિંતન, ભેદભાવ દૂર કરી સાંસ્કૃતિક પુનરૂત્થાન, સંસ્કૃત ફરીથી વ્યવહારભાષા બને સંસ્કૃતભાષાથી સમૃદ્ધિનું આગમન, સંસ્કૃતભાષાની સરળતા તથા મધુરતાનો પરિચય થાય છે. પરીક્ષા દરમ્યાન શાળાનાં મેં.ટ્રસ્ટી પૂ. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા હતા અને શાળાનાં સમગ્ર સ્ટાફગણે વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

### સંસ્થાઓની રજૂઆત અને મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થતાં

# અંતે : મહુવા–જાફરાબાદ વચ્ચે બંધ થયેલ એસ.ટી. બસ સેવા પુનઃ શરૂ

### મુસાફરવર્ગમાં ખૂશીનો માહોલ છવાયો




જાફરાબાદ, તા. ૧૧

મહુવા–જાફરાબાદ એસ.ટી. બસ ઘણા વર્ષોથી બંધ હોય આ બાબતે સંસ્થાઓ દ્વારા પોતાના લેટરપેડ ઉપર અવારનવાર ઉચ્ચ કક્ષાએ રજૂઆત તથા અખબારોના માધ્યમથી રજુઆત થતી હતી તેમજ એસ.ટી. તંત્રના ઉચ્ચ અધિકારીઓના નંબર ઉપર વોટ્સએપ મેસેજથી થતી રજુઆત તથા સોશ્યલ મીડિયાના માધ્યમથી ટવીટ દ્વારા અધિકારીઓને તેમજ પદાધિકારીઓના વોટ્સએપ નંબર ઉપર લેખિત ફરિયાદ થતાં અવારનવાર એસ.ટી. તંત્રના અધિકારીઓને મોબાઈલ ફોન દ્વારા પણ રજૂઆત કરવામાં આવતી હતી. તેના અખબાર અહેવાલો રજુ કરવામાં આવતા હતા અહેવાલોના પડઘા પડયા હતા. જેથી કરીને એસ.ટી. તંત્રએ આની સામે ઝુકવું પડયું હતું અને તાત્કાલિક ધોરણે આ મહુવા–જાફરાબાદ લોકલ બસ ચાલુ કરવી પડી છે. આ લોકલ બસ ચાલુ થતાં મુસાફર જનતામાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. આ બસ ચાલુ કરવા બાબતે સંસ્થાના લેટરપેડ ઉપર રજુઆત થતાં એસ.ટી. તંત્ર દ્વારા મહુવા–જાફરાબાદ લોકલ બસ ચાલુ થતાં જાફરાબાદની જનતા જનાર્દનમાં તેમજ વિદ્યાર્થીઓમાં તેમજ દવાખાનાના કામે જતા દર્દીઓમાં તેમજ સાગરખેડૂઓમા ખુશી જોવા મળી રહી છે. તેમજ સંસ્થાઓ દ્વારા સંવિધાનમાં આપેલ આર્ટિકલ ૧૯ માં આપેલ અધિકારો મુજબ લોક આંદોલન તેમજ બંધારણમાં આપેલ અધિકાર આર્ટિકલ ૨૨૬માં આપેલ અધિકારો મુજબ રીટપીટીશન દાખલ કરવા આગળ જવાની ચિમકી આપવામાં આવી હતી. આ બસ ચાલુ કરવા માટે અમરેલી વિભાગીય નિયામક પી.પી. ધામાના આદેશથી આ બસ ચાલુ કરવામાં આવી છે. તે બદલ અમારી સંસ્થા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટિઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ સંસ્થાઓ દ્વારા તેઓનો આભાર માન્યો છે.

### પ્રિન્ટ અને સોશ્યલ મીડિયામાં હકીકતો જાહેર થતાં તંત્ર દોડયું

# વિના ચમત્કાર નહી નમસ્કાર : સા.કુંડલા ખાતે પૂ. જોગીદાસ ખુમાણની પ્રતિમાને લઈને પાલિકાનાં શાસકો ગંભીર બન્યા

### આગામી છ મહિનામાં પૂ. જોગીદાસબાપુ ખુમાણની પ્રતિમાનું સ્થાપન કરાશે







તસ્વીર–અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા નવનિર્મિત નગર સેવા સદનમાં ચોગાનમાં સત્વ તત્વના શિલાલેખ સમા પૂજય બાપુ જોગીદાસ ખુમાણનું ભવ્ય સ્ટેચ્યુ મુકવા માટે સમગ્ર સાવરકુંડલા શહેર અને તાલુકાના તમામ સમાજના લોકોને લાગણી રહી છે. જે નામ સાથે કુંડલા જોડાયેલ છે અને જે કુંડલા માટે જ ખોબા જેવડા ગામના આ કાઠી રત્ને ૧૮૦૦ ગામના ધણી ભાવનગર સ્ટેટ સામે તલવાર ઉઠાવી હતી ત્યારે આજે ૨૦૦ થી ૨૫૦ વર્ષનો આ ઈતિહાસ આવનારી પેઢીને એક માનવતાના ઉંચા મૂલ્યનો સંદેશો આપતો રહે તે માટે આ અવતારી મહાપુરૂષ જોગીદાસ બાપુ ખુમાણનું સ્ટેચ્યુ જાહેર જનતાની પ્રેમ લાગણીથી સાવરકુંડલા નગર પાલિકાના ભવ્ય પટાંગણમાં પાલિકા દ્વારા સ્થાપવામાં આવ્યું. પરંતુ કાઠી ક્ષત્રિય સમાજના વરિષ્ઠ અગ્રણીઓ કે જયારે આ સ્ટેચ્યુનું નિરીક્ષણ કર્યુ ત્યારે અનેક ખામીઓ આ પ્રતિમામા દેખાણી અને આ મહાપુઢષની જે ગરીમા પણ ગાથા છે તેને અનુરૂપ સ્ટેચ્યુ ન હોવાનો સામુહિક અભિપ્રાય બાદ છેલ્લા બે વર્ષથી અવારનવાર આ સ્ટેચ્યુ બદલાવવા માટે કોન્ટ્રાક્ટર કંપની સાથે કાઠી અગ્રણીઓ તથા પૂર્વ નગરપાલિકા પ્રમુખ અવારનવાર ટેલીફોનિક ચર્ચાઓ કરતા રહ્યા પણ અમદાવાદી કોન્ટ્રાક્ટર ખોટા વાયદાઓ આપતો રહ્યા એટલે નગરપાલિકા શાસકો દ્વારા કાયદેસર નોટિસો ઈસ્યુ કરી તેનો કોન્ટ્રાક્ટ જ રદ કરી નાખવામાં આવ્યો પરંતુ આ જૂનું જે રદ થયેલ સ્ટેચ્યુ છે તે તાલપત્રી ઢાંકેલ હાલતમાં જે તે સ્થળ પર જ રાખવામાં આવતા આ પ્રતિમાની આસપાસ તેની ગરિમા જળવાતી નહોતી. મૂર્તિની નીચે ગટરની ગંદકી ઉપરાંત રખડતા કૂતરાઓનું જાણે આશ્રય સ્થાન બની ગયેલ અને કોઈનો બદ ઈરાદો ન હોવા છતાં અજાણતા જ આ મહાપુરૂષની પ્રતિભાને પ્રતિભાનો ગરીમા ભંગ થતો હોય એવો એક મેસેજ સમગ્ર સમાજમાં જતા સમસ્ત સૌરાષ્ટ્ર કાઠીયાવાડમાં ક્ષત્રિયો ઉકળી ઉઠયા અને આ બાબતે ઝલદ આકરા નિર્ણયો લેવા બેઠકનું આયોજન કરવાનું જાહેર થતા જ સ્થાનિક નગરપાલિકાના પદાધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને તાત્કાલિક સમગ્ર કાઠી ક્ષત્રિય સમાજના પાંચ પ્રતિનિધિઓને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી દ્વારા રૂબરૂ બોલાવીને એક ઠરાવ સોંપ્યો હતો કે જેમાં આ સ્ટેચ્યુ ૨૪ કલાકમાં સલામત ગોપનીય જગ્યાએ ઢાંકીને મૂકી દેવાની ખાતરી આપવામાં આવી હતી. આ ઉપરાંત આવતી તારીખ ૧૭ ડિસેમ્બરના રોજ સ્ટેચ્યુ બનાવનાર અન્ય કંપનીને રૂબરૂ બોલાવી કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સાથે બેઠક કરી વિચાર વિમર્શ કરી તદ્દન નવી જ પ્રતિમા બનાવવાનો ઠરાવ કરવામાં આવેલ છે. આ ખાતરી મળ્યા બાદ સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ પણ સહયોગ કરી હાલ તુરંત કોઈપણ પ્રકારના વિરોધ આત્મક કાર્યક્રમો ન આપવા નિર્ણયલીધો હતો, તેમ કાઠી અગ્રણી પ્રતાપ ખુમાણ જણાવે છે. નગરપાલિકા પ્રમુખ દ્વારા ખાતરી આપવામાં આવેલ છે કે આ તમામે તમામ પ્રક્રિયા ૬ મહિનાની અંદર પૂર્ણ કરી દેવામાં આવશે કેટલાય સમયથી આ સ્ટેચ્યુમાં જાણે પૂજય બાપુને નજરકેદ કર્યા હોય તેવો ભાસ થતો હતો પરંતુ સ્થાનિક પત્રકારની એક ચીનગારીએ સારાએ તંત્ર અને કાઠી ક્ષત્રિય સમાજને દોડતા કરી દીધા હતા અને હજી ૨૪ કલાક થાય તે પહેલા આ સુખદ ઉકેલ પણ આવી ગયો છે.

### જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની માંગ

# લીલીયા મોટા : તાર ફેન્સીંગ યોજનામાં ખેડૂતોને ૭/૧૨ ના ક્ષેત્રફળ મુજબ યોજનાનો લાભ આપો

### ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવી કરી માંગ



લીલીયા મોટા, તા. ૧૧

લીલીયા મોટાના ભાજપ અગ્રણી અને જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકારની ખેડૂતોનાં પાક રક્ષણ માટે તાર ફેન્સીંગ યોજનાનો લાભ આપવામાં આવે છે. અને તેની મર્યાદા ઓછામાં ઓછા ૨ હેકટરની મર્યાદા છે પરંતુ હાલમાં જમીનમાં કુંટુંબોમાં જમીનની વહેંચણી થઈ ગયેલ હોય / બાજુનાં ખેતર માલિકો પણ તાર ફેન્સીંગ કરવા માંગતા હોતા નથી જેથી હાલ નાના ખાતેદારોની સંખ્યા ખુબ જ વધારે છે. જેથી ૭/૧૨ના ક્ષેત્રફળ મુજબ તાર ફ્રેન્સીંગ યોજનાનો લાભ આપવા અંતમાં માંગ કરેલ છે.

### સેવાનો સેતુ તૂટી ગયો

# ધારીનાં રાજકીય અગ્રણી ડો. જયસુખભાઈ જસાણીનું નિધન

### નિષ્ઠાવાન કેળવણીકાર અને સામાજિક પર્યાયનો થયો સૂર્યાસ્ત



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં રાજકીય ભિષ્મ પિતામહ અને નિઃસ્વાર્થ સેવક એવા મુઠ્ઠી ઉચેરા કેળવણીકારનું નિધન થતાં સમગ્ર ધારી પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

સમગ્ર જિલ્લામાં ડોકટર જસાણી તરીકે ઓળખાતા ડો. જયસુખભાઈ જસાણી બે ટર્મ અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે રહ્યા હતા. તેઓના કાર્યકાળ દરમિયાન શ્રેષ્ઠ અને યાદગાર કામગીરી કરી હતી. પોતાની રાજકીય કુનેહ અને આવડતનો પરિચય આપનાર ડો. જસાણીનું આજે ૯૧ વર્ષની વયે નિધન થયું છે.

ડો. જસાણી એકદમ તંદુરસ્ત અને ફીટ હોય, તેઓનું સ્વાસ્થ્ય યુવા સમાન હતું. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાના સમગ્ર રાજયમાં જેટલા પણ ટ્રસ્ટી અસ્તિત્વમાં છે તે બધા ટ્રસ્ટમાં આજે પણ આ ડો. જસાણી ટ્રસ્ટી છે. ઉપરાંત અમરેલી ખાતે ડો. જીવરાજ મહેતાએ સ્થાપેલ વિદ્યાસભા ટ્રસ્ટ, ધારી ખાતે આવેલ મહિલા કોલેજ, ધારીની ગર્લ્સ હાઈસ્કૂલના પણ ટ્રસ્ટી અને સંચાલક છે.


આ ઉપરાંત ડો. જસાણીએ પોતાના છેલ્લા શ્વાસ સુધી પોતાનું કિલનિક વિનામૂલ્યે ચલાવ્યું હતું. ડો. જસાણીની ખોટ આજીવન ધારી ગામમાં પડી છે જે કોઈ પુરી કરી શકશે નહીં.

ડો. જસાણી પોતાના ઘરે પડી જતાં તેઓને ઈજા થતાં અમદાવાદ ખાતે સારવારમાં લઈ જવાતા હતા ત્યારે તેમનું નિધન થયાનું જાણવા મળેલ છે. ધારી ગામે આવતીકાલ તા. ૧૨ મંગળવારના સવારે ૧૦ વાગે તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળશે. જયારે ધારી ગામનાં તમામ વેપારીઓ આવતીકાલે પોતાના ધંધા રોજગાર બંધ રાખી ડો. જસાણીને આ અંતિમયાત્રામાં જોડાશે.

### વરરાજાએ દાદા–દાદીની ઉપસ્થિતિનો આગ્રહ રાખતાં

# બાબરામાં રાજપોપટ પરિવારે લગ્ન પ્રસંગે દાદા–દાદી સ્વર્ગલોકમાં હોય બન્નેની પ્રતિમા બનાવીને લગ્નપ્રસંગમાં હાજરી ઉભી કરી

### આજના કળિયુગનાં દિવસોમાં એક યુવકે વડીલવંદનાનું અદ્દભૂત કાર્ય કરી બતાવ્યું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

આજના કપલ્સમાં લગ્ન બાદ માતા–પિતા અને પરિવારથી દૂર રહેવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આ ટ્રેન્ડને કારણે પરિવારના વૃદ્ધોને પોતાના સંતાનોથી દૂર કબરી દીધા છે. તેવામાં અમરેલીનાં બાબરામાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે આ ટ્રેન્ડ પર ચાલનારા લોકોને એક શીખ આપી છે. પોતાના લગ્નમાં જ દાદા–દાદીના મૃત્યુ બાદ પણ તેમની ગેરહાજરી વર્તાતા પૌત્રએ બંનેના સ્ટેચ્યુ બનાવી લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

લગ્નના મંડપની સામે સજી ધજીને શણગારેલા આ સ્ટેચ્યુ પર એક નજર કરો તો એવું લાગે કે ખરેખર આ સ્ટેચ્યુ નથી આ જીવિત હોય એ રીતે દાદા દાદી દેખાય છે. આ બાબરાના રાજપોપટ પરિવારનાં મોભી નંદલાલભાઈ પોપટ અને તેમના પત્નીનું છે, કે જેમનું થોડા વર્ષો પહેલા જ નિધન થઈ ચૂકયું છે.પરંતુ લગ્ન આવે અને પોતાના સ્વજનોને ભૂલી નથી શકતા. કાઠિયાવાડની આજ સહજ પરંપરા ચાલી આવી છે એમાં પણ પૌત્રના લગ્નનો હરખ તો દાદા–દાદીનો સહ વિશેષ હોય છે. ત્યારે તેમના નિધન બાદ તેમની ગેરહાજરી ખટકતા એક અનોખો પ્રયાસ એક પૌત્ર નિકુંજ રાજપોપટ દ્વારા કરવામાં આવ્યો છે. તેણે તેના પિતા હસુભાઈ રાજપોપટને વાત કરતા તેમની મદદથી લગ્ન સ્ટેજની સામે જ બા–દાદાનું અનોખું સ્ટેચ્યુ બનાવ્યું હતું. પૌત્રની વર્ષોથી ઈચ્છા રહી હતી કે તે તેના દાદા દાદીની હૈયાતીમાં જ લગ્ન કરે. પરંતુ કમનસીબે એવું નહિ થઈ શકતા તેમના દ્વારા અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તો આ સ્ટેચ્યુ એટલું અદ્દભૂત રીતે તૈયાર કરવામાં આવ્યું હતું કે, જાણે તેઓ અહીં પોતે જ હાજર હોય અને તે જોઈને પણ સૌ કોઈ અભિભૂત થઈ ગયા હતા અને પોતાના સ્વજનની યાદ તાજી કરાવી દીધી હતી. તેમજ પરિવારના લોકોએ પણ તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને આંનંદિત રીતે સમગ્ર પ્રસંગ વિતાવ્યો હતો. આ ક્ષણે કેટલાક લોકો ભાવુક પણ થઈ ગયા હતા. એક તરફ ગાડામાં જાન જોડાઈ હતી અને વરરાજા પણ તૈયાર હતા અને સાથે દાદા–દાદીનો સાથે હોય તેવો અહેસાસ થતા સૌ કોઈમાં અનોખી ખુશી જોવા મળી હતી.

તેવામાં આ એક કિસ્સો સૌ કોઈને અંદરથી ખુશ કરી રહ્યો છે. આજકાલ આ એક અનોખું માનવામાં આવી રહ્યું છે. કારણ કે લોકો લગ્ન બાદ વડીલોથી દૂર રહેવાનું પસંદ કરતા હોય છે. ત્યારે આ સ્ટેચ્યુમાં પણ દાદા–દાદી હોવાનો અહેસાસ મેળવીને લગ્નનાં ફેરાઓ ફરવા એ વાત જ લોકોને ટચ કરી જાય છે.

### ઓલ ઈન્ડિયા ગ્રામિણ ડાક સેવક યુનિયનની સુચનાથી

# અમરેલી જિલ્લામાં આજથી ગ્રામિણ ડાક સેવકો અચોક્કસ મુદ્દતની હડતાલ પર ઉતરશે

### ટપાલ, મનીઓર્ડર, વીમા, રજીસ્ટર સહિતની કામગીરી ઠપ્પ થઇ જવાની શકયતા

અમરેલી, તા. ૧૧

ઓલ ઈન્ડિયા ગ્રામિણ ડાક સેવક યુનિયન દ્વારા ઘણા લાંબા સમયથી ગ્રામીણ પોસ્ટ કર્મચારીઓને સાતમા પગાર પંચ સહિતની જુદી જુદી માંગણીઓ કરી રહ્યા છે, તેમજ તબક્કા વાર આ અંગે આંદોલન સહિતના કાર્યક્રમો યોજી રજૂઆત કરવામા આવી રહી છે. જો કે તેમ છતા સરકાર દ્વારા આ માંગણીઓ અંગે કોઈ જ કાર્યવાહી કરી હજુ સુધી કોઈ ઉકેલ આવતો ન હોય ત્યારે આવતીકાલ તા. ૧૨ મીથી અમરેલી જિલ્લામાં ગ્રામિણ ડાક સેવકો પણ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જશે.

અમરેલી જિલ્લામાં ૩૧૫ ગ્રામિણ વિસ્તારોમા બ્રાંચ પોસ્ટ ઓફિસ કાર્યરત છે અને ૫૦૦ જેટલા કર્મચારીઓ તેમા ફરજ બજાવી રહ્યાં છે. જેઓ સાતમા પગાર પંચના કમલેશચંદ્ર કમિટીના રીપોર્ટ પ્રમાણેની કર્મચારીઓને ૧૨, ૨૪, ૩૬ વર્ષ પ્રમાણે ઈન્ક્રીમેન્ટ આપવુ, મેડિકલ ફેસેલીટી, ગ્રેજયુઈટી, રજા ફેસેલીટી વિગેરે પ્રશ્નોનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

ત્યારે આવતીકાલ તારીખ ૧૨મીથી અમરેલી જિલ્લાની ગ્રામિણ બ્રાંચ પોસ્ટ ઓફિસમા ફરજ બજાવતા કર્મચારીઓ અચોક્કસ મુદ્દત સુધીની હડતાલ પર ઉતરી જશે. જેને પગલે ટપાલને લગતી તમામ કામગીરી ખોરવાઈ જશે.

### રૂપિયા પાંચ લાખના નુકસાનની આશંકા વચ્ચે

# ધારીનાં પ્રેમપરા વિસ્તારમાં અચાનક ભંગારનાં ડેલામાં આગથી દોડધામ મચી

### બગસરા અને ચલાલાની ફાયર ટીમે આગ ઉપર કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૧૧

ધારી નજીક આવેલ પ્રેમપરામાં ગઈકાલે બપોરે એક ભંગારનાં ડેલામાં વિકરાળ આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી. જયારે ધારી ગ્રામ પંચાયતમા ફાયર ફાઈટર ન હોવાથી નજીકમાં આવેલ બગસરા નગર પાલિકા તથા ચલાલા નગરપાલિકાના ફાયર ફાઈટર બનાવ સ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી. જો કે આ બનાવમાં કોઈ જાનહાની ના થતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના ધારી નજીક આવેલ પ્રેમપરામાં વિસ્તારમાં ગઈકાલે બપોરે પ્રતાપભાઈ વાળાના ભંગારના ડેલામાં ખાતે કોઈ કારણોસર આગ લાગેલ જેમાં પ્લાસ્ટીકના ભંગારનો સામાન જેની આશરે રૂપિયા ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) જેટલો બળી ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે. ભંગારનાં ડેલામાં વિકરાળ આગ લાગતા આજુબાજુમાં રહેતા લોકોમાં અફડા તફડી મચી જવા પામી હતી. આ આગ ઈલેકિટ્રક શોર્ટ સરકીટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ આગના બનવાની જાણ સ્થાનિક લોકોને થતાં હાથ લાગ્યું તે હથિયાર સમજી લોકો દ્વારા આગને કાબુમા લેવાના પ્રયાસ કરાયો હતો. જયારે ધારી ગ્રામ પંચાયતમા ફાયર ફાઈટર ન હોવાથી નજીકમાં આવેલ બગસરા નગર પાલિકા તથા ચલાલા નગર પાલિકાના ફાયર ફાઈટર બનાવ સ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી. જો કે આ બનાવમાં કોઈ જાનહાની ના થતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.જો કે ભંગારના ડેલામાં આગ લગતા ભંગારના વેપારીને વ્યાપક નુકસાન થયેલ છે. આ આગ બનાવની સ્થાનિક પોલીસને થતાં ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

